RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 30* Date: 19.11.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## દિલ્હીમાં જેએનયુમાં સુત્રોચ્ચાર થતા કે અફઝલ હમ શર્મિદા હૈ.. તેરે કાંતિલ જીંદા હૈ..રાહુલ ગાંધી કહે કે અમે તમારી સાથે છીએ : ભાજપ પ્રમુખ નડ્ડા

### વીર સાવરકરનુ અપમાન કરનારને દેશ ક્યારેય માફ નહિ કરેઃ શિવરાજસિંહ ચૌહાણ



અમદાવાદ,તા.૧૮

ગુજરાત વિધાનસભાની આવનારી ચૂંટણી માટે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિકોણીયો જંગ જામ્યો છે. દરેક પક્ષોએ પોતાની બધી તાકાત લગાવી દીધી છે. પ્રચાર-પ્રસાર પોતાની ચરમ સીમાએ છે. રાજયમાં આજે ઘણા મુખ્યમંત્રી અને ઘણા કેન્દ્રીય મંત્રીઓ ભાજપ માટે ચૂંટણી પ્રચાર કર્યો હતો

નવસારીના બી.આર. ફાર્મ ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી સુધીર મુનગંટીવારની ઉપસ્થિતિમાં જંગી જાહેરસભા યોજાઇ હતી જેમાં નવસારીના ઉમદેવાર રાકેશભાઇ દેસાઇને જીતાડવા આહવાહન કરવામાં આવ્યું હતું. નડ્ડાજીએ વધુમાં જણાવ્યું કે, દિલ્હીમાં જેએનયુમાં સુત્રોચ્ચાર થતા કે અફઝલ હમ શર્મિદા હૈ.. તેરે કાંતિલ જીંદા હૈ.. અને રાહુલ ગાંધી જેએનયુ પહોંચી કહે કે અમે તમારી સાથે છીએ.જેએનયુમાં સુત્રોચ્ચાર થાય તે ભારત તેરે ટુકડે હોંગે ઇન્સાહઅલ્લાહ.... ઈન્સાઅલ્લાહ..તેની સાથે રાહુલ ગાંધી જોડાય તો તે ભારત જોડવા નિકળ્યા છે કે તોડવા ? કોંગ્રેસ ભારતને તોડવા નિકળ્યુ છે જોડવા નહી. આપ પાર્ટી પર શાબ્દિક પ્રહાર કરતા જણાવ્યું કે, ગુજરાતમાં એક નવી પાર્ટી આવી જે ઉત્તર પ્રદેશમાં ૩૫૦ બેઠકો પરથી ચૂંટણી લડયા જેમાંથી ૩૪૯ પર ડિપોઝિટ જપ્ત થઇ.

ઉત્તરખંડમાં પણ ચૂંટણી લડયા અને તેનો મુખ્યમંત્રીનો ઉમેદવાર આજે ભાજપનો પ્રચાર કરી રહ્યા છે. ૬૯ બેઠકો પરથી ચૂંટણી લડયા તેમાંથી ૬૫ બેઠકો પર આપ પાર્ટીની ડિપોઝીટ જપ્ત થઇ. ગોવામાં ૩૯ બેઠકો પર ચૂંટણી લડયા અને ૩૫ બેઠકો પરથી ડિપોઝિટ જપ્ત થઇ. હિમાચલમાં ૬૭ બેઠકો પર ચૂંટણી લડયા છે પરંતુ ૮ ડિસેમ્બર ૬૭ બેઠકો પર ડિપોઝિટ જવાની છે તે નક્કી છે. જે.પી નડ્ડાએ આદિવાસી સમાજ માટે સરકારે કરેલા કામ અંગે વાત કરતા જણાવ્યું કે,આપણા દેશનાં રાષ્ટ્રપતી પણ આદિવાસી હોઇ શકે તેવો પહેલા કોઇ રાજકીય પાર્ટીને વિચાર નથી આવ્યો. દેશના પ્રધાનસેવકે ગરિબ પરિવારો માટે આયુષ્યમાન ભારત યોજના થકી પાંચ લાખ રૂપિયા સુધીની દર વર્ષે સારવાર કરી શકે તેની વ્યવસ્થા કરી. પહેલાની સરકારે જનતાને પાકા મકાનો નથી આપ્યા પરંતુ ભાજપે ૩ કરોડ ૬૦ લાખ પાકા મકાનો પ્રધાનમંત્રી આવાસ યોજના થકી દેશની જનતાને આપ્યા છે.

પહેલા પિવાના પાણી માટે ટેક્કર રાજ હતું પરંતુ ભાજપ સરકારમાં આજે હર ઘર નળ હર ઘર જલ યોજના થકી પિવાનું પાણી પહોંચાડ્યું છે.

જયારે કચ્છમાં આયોજિત એક જનસભામાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જોરદાર પ્રશંસા કરીને તેમને કલ્પવૃક્ષ ગણાવ્યા. શિવરાજ સિંહ ચૌહાણે કહ્યુ કે નરેન્દ્ર મોદી ‘કલ્પવૃક્ષ‘ છે, તમે જે ઈચ્છો તે મેળવી શકો છો. કેજરીવાલ બાવળનુ ઝાડ છે, માત્ર કાંટા જ મળશે. રાહુલ ગાંધી એક ઝાડી છે જે પાકને નષ્ટ કરી દેશે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહે કહ્યુ કે કોંગ્રેસ, આમ આદમ પાર્ટી દેશમાંથી સંતોષ અને શાંતિનો નાશ કરશે. કચ્છ પહોંચેલા મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે સાવરકર પર રાહુલ ગાંધીના નિવેદન પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ કે રાહુલ ગાંધીએ વીર સાવરકરનુ અપમાન કર્યુ. દેશ માટે સર્વસ્વ કુરબાન કરનાર વ્યક્તિને બે જન્મો સમાન સજા આપવામાં આવી હતી. તેમણે કહ્યુ કે તમે આવા સ્વતંત્રતા સેનાનીનુ અપમાન કરો છો, આ દેશ તમને ક્યારેય માફ નહિ કરે.તેમણે કહ્યુ કે કોંગ્રેસના લોકો મને મધ્યપ્રદેશમાં રોજ ગાળો આપતા હતા કે હું ગુજરાતને નર્મદાનુ પાણી આપુ છુ. શું ગુજરાત પાકિસ્તાન છે? ગુજરાત પણ આપણુ જ છે. જ્યારે સરદાર સરોવર બંધાયુ ત્યારે ગુજરાતને પાણી મળ્યુ અને મધ્યપ્રદેશને વીજળી મળી.

જયારે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મોરબીમાં જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ રામ અને કૃષ્ણની જન્મ ભુમી અને ગંગા નિરંતર આશિર્વાદ વર્ષે છે તે પ્રદેશથી આવેલ છું ઝુલતા પુલની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને શ્રધ્ધાંજલી અર્પણ કરી તેમણે કહ્યું હતું કે કાંતિભાઇ અમૃતિયા સહિતના કાર્યકરોએ લોકોના જીવ બચાવવા માટે કામ કર્યુ સરદાર પહેલ, મહાત્મા ગાંધીએ કરેલા કામોને યોગીએ યાદ કર્યા હતાં કહ્યું હતું કે મોદીનું નેતૃત્વ દેશને મલ્યુ તે સૌથી મોટી વાત છે દુનિયાના ૨૦ પ્રમુખ દેશનું પ્રતિનિધીત્વ હવે મોદી કરશે તે દેશવાસી માટે ગર્વની વાત છે ગુજરાત વિકાસ અને સુરક્ષાનું મોડલ બન્યુ છે તેમણે કહ્યું હતું કે ગુજરાતના અનેક સપૂતોએ આઝાદીની લડાઇમાં ભાગ લીધો ગાંધીનું આંદોલન આજે પણ દુનિયાના તમામ દેશને પ્રેરણા આપે છે એકતાનો આધાર શું હોઈ શકે એ લોહપુરુષ સરદાર વલ્લભભાઈએ બતાવ્યું જૂનાગઢ અને હૈદરાબાદના નવાબ જે આના કાની કરતા હતા એમણે પણ ઘૂંટણ ટેકવ્યા હતા ભારતનું સૌભાગ્ય છે.

## પાકિસ્તાન સહાનુભૂતિ મેળવવા જુઠ્ઠાણું ફેલાવી રહ્યું છે, આવા ષડયંત્રમાં તે ક્યારેય સફળ નહીં થાય : ભારત

**જમ્મુ-કાશ્મીર અને લદાખ ભારતનાં અભિન્ન અંગ હતાં, છે અને રહેશે. એમાં એ વિસ્તારો પણ સામેલ છે, જે પાકિસ્તાનના કબજા હેઠળ છે.**

નવીદિલ્હી,તા.૧૮

યુએનમાં ભારતના કાયમી મિશનના કાઉન્સિલર પ્રતીક માથુરે કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે.ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં જમ્મુ-કાશ્મીરનો મુદ્દો વારંવાર ઉઠાવવા બદલ પાકિસ્તાનની ઝાટકણી કાઢી હતી. ભારતે પાકિસ્તાનના આ પગલાને જુઠ્ઠાણા ફેલાવવાનો પ્રયાસ ગણાવ્યો છે. પ્રતીક માથુરે કહ્યું- અમે અહીં યુએનએસસી સુધારાની વાત કરી રહ્યા છીએ, પરંતુ પાકિસ્તાનના પ્રતિનિધિએ ફરી જમ્મુ-કાશ્મીરનો અયોગ્ય ઉલ્લેખ કર્યો છે. તેઓ માને કે ન માને, જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. પાકિસ્તાન જુઠ્ઠાણું ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, તે આમાં ક્યારેય સફળ નહીં થાય. તેમણે કહ્યું- પાકિસ્તાન મલ્ટીનેશનલ ફોરમ્સનો ઉપયોગ કરીને જુઠ્ઠાણું ફેલાવી રહ્યું છે. તે કદાચ સહાનુભૂતિ મેળવવા માટે આવું કરી રહ્યું છે. આ બાબત તદ્દન નિરાશાજનક છે

મે ૨૦૨૨માં પાકિસ્તાનના વિદેશમંત્રી બિલવાલ ભુટ્ટો ઝરદારીએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ઓપન ડિબેટમાં જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ નાબૂદ કરવાનો અને સીમાંકન કમિશનના આદેશ પર મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે ભારતમાં કાશ્મીરી લોકો પર ભારતમાં શોષણ અને અત્યાચારનો પણ આરોપ લગાવ્યો હતો.

આ આરોપોને ખોટા ગણાવતા સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનના કાઉન્સિલર રાજેશ પરિહારે કહ્યું- જમ્મુ-કાશ્મીર અને લદાખ ભારતનાં અભિન્ન અંગ હતાં, છે અને રહેશે. એમાં એ વિસ્તારો પણ સામેલ છે, જે પાકિસ્તાનના કબજા હેઠળ છે. કોઈ દેશ આ વાતને નકારી શકે નહીં. જો પાકિસ્તાન અમને મદદ કરવા માગે છે તો તે સ્ટેટ સ્પોન્સર્ડ આતંકવાદને રોકવામાં યોગદાન આપી શકે છે.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે યુએનજીએના ૭૭મા સત્રને સંબોધિત કરતાં કહ્યું હતું કે તેઓ પાકિસ્તાન અને ભારત વચ્ચે શાંતિ અને સારા સંબંધો ઈચ્છે છે. આ શાંતિ જમ્મુ-કાશ્મીર વિવાદના ન્યાયી અને કાયમી ઉકેલ પર નિર્ભર છે.

શાહબાઝ શરીફે કાશ્મીરને લાંબા સમયથી ચાલતો વિવાદ ગણાવતાં કહ્યું- ભારતે જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો બદલવા માટે ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ એકતરફી પગલું ભર્યું. ભારતના નિર્ણયથી ઉકેલ વધુ મુશ્કેલ બન્યો છે. જમ્મુ-કાશ્મીરને હિન્દુ ટેરેટરી બનાવવાનું ષડયંત્ર છે. અહીં ભારતના નિર્ણયથી તેમનો ઉદ્દેશ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાનો હતો.

## કેટલાક એવા દેશો છે જે આતંકવાદ સામે લડવાના સામૂહિક પ્રયાસોને નબળા અને નષ્ટ કરવા માંગે છે : અમિત શાહ

નવીદિલ્હી,તા.૧૮

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આતંકવાદને ફાઈનાન્સિંગને આતંકવાદ કરતા પણ મોટો ખતરો ગણાવ્યો છે. તેમણે રાજધાનીમાં હોટેલ તાજ પેલેસમાં ‘નો મની ફોર ટેરર’ થીમ પર કાઉન્ટર-ટેરરિસ્ટ ફાઈનાન્સિંગ પર ત્રીજી મંત્રી સ્તરીય પરિષદને સંબોધિત કરતી વખતે આ વાત કહી હતી.

તેમણે શુક્રવારે કહ્યું કે તેને કોઈ ધર્મ, રાષ્ટ્રીયતા કે સમૂહ સાથે જોડવું જોઈએ નહીં. અમિત શાહે કહ્યું કે આતંકવાદીઓને સુરક્ષા આપવી એ આતંકવાદને પ્રોત્સાહન આપવા સમાન છે અને તે વિશ્વના તમામ દેશોની સામૂહિક જવાબદારી છે કે આવા તત્વો અને આવા દેશો ક્યારેય તેમના ઈરાદામાં સફળ ન થાય.

આતંકવાદીઓ હિંસા આચરવા, યુવાનોને કટ્ટરપંથી બનાવવા અને નાણાકીય સંસાધનો એકત્ર કરવા અને સાયબર ક્રાઈમ સાધનોનો ઉપયોગ કરીને અને તેમની ઓળખ છુપાવીને કટ્ટરપંથી સામગ્રી ફેલાવવા માટે સતત નવા રસ્તાઓ શોધી રહ્યા છે.

અમિત શાહે વધુમાં જણાવ્યું કે, નિઃશંકપણે, આતંકવાદ વૈશ્વિક શાંતિ અને સુરક્ષા માટે સૌથી ગંભીર ખતરો છે. હું માનું છું કે આતંકવાદનું ધિરાણ આતંકવાદ કરતાં વધુ ખતરનાક છે કારણ કે આવા ધિરાણ આતંકવાદના ‘માર્ગો અને પદ્ધતિઓ’ને પોષે છે. આતંકવાદનું ધિરાણ વિશ્વના દેશોની અર્થવ્યવસ્થાને નબળું પાડે છે. ભારતે આતંકવાદનો સામનો કરવા માટે સુરક્ષા ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ કાયદાકીય અને નાણાકીય વ્યવસ્થાને મજબૂત કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. પાકિસ્તાન પર આડકતરી રીતે પ્રહાર કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે કેટલાક એવા દેશો છે જે આતંકવાદ સામે લડવાના સામૂહિક પ્રયાસોને નબળા અને નષ્ટ કરવા માંગે છે. કેટલાક દેશો આતંકવાદીઓને રક્ષણ આપે છે અને તેમને આશ્રય પણ આપે છે.

## ’બે જ બાળકો’ અંગેની પોલિસી બનાવવાનું કામ અમારું નહીં, સરકારનું : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૧૮

દેશમાં બે બાળકો રાખવાની નીતિને લાગુ કરવાની માંગ કરતી અરજીઓને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. સર્વોચ્ચ અદાલતે કુટુંબ નિયોજનની માંગણી કરતી અરજીઓને ફગાવી દેતા કહ્યું કે તે કોર્ટનું કામ નથી. કોર્ટે કહ્યુ કે સરકારે આ મામલે પગલાં લેવા જોઈએ અને તેઓ આ દિશામાં પ્રયાસો કરી રહ્યા છે.સર્વોચ્ચ અદાલતે વધતી જતી વસ્તીને અંકુશમાં લેવાના પગલા તરીકે બે-બાળક નીતિનો આદેશ આપવાની માંગ કરતી પીઆઈએલની સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે . કોર્ટે કહ્યું કે શું આ એવો મુદ્દો છે જેમાં આપણે દખલ કરવી જોઈએ? અને લો કમિશન કેવા પ્રકારનો રિપોર્ટ આપી શકે? વસ્તી વૃદ્ધિ એવી વસ્તુ નથી જે એક દિવસ અટકી જાય. અમે ધીમે ધીમે સ્થિરતા તરફ આગળ વધી રહ્યા છીએ. આ સરકાર તપાસ કરવા માટે છે - તમને કેમ લાગે છે કે દરેક બાબતમાં કોર્ટને સામેલ કરવી જોઈએ. આ સરકારનું કામ છે અને સરકાર પણ કરી રહી છે.

અરજદાર ભાજપના નેતા અને વકીલ અશ્વિની ઉપાધ્યાયે કોર્ટને અલગ-અલગ દલીલો સાથે મુદ્દાની જટિલતા જણાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેઓ કોર્ટની સામે ભેગા થયા ન હતા. કોર્ટે આ અરજીને ફગાવી દેવાની અને પાછી ખેંચી લેવાની જાહેરાત કરી હતી.

જસ્ટિસ સંજય કિશન કૌલ અને જસ્ટિસ એએસ ઓકની ખંડપીઠ સમક્ષ વસ્તી નિયંત્રણ માટે અસરકારક પગલાંની માગણીના મામલે અરજદાર એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે કહ્યુ કે કાયદા પંચે રિપોર્ટ દાખલ કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યુ કે કાયદા પંચ આ અંગે રિપોર્ટ કેવી રીતે તૈયાર કરી શકે? વસ્તી વિસ્ફોટથી થતા નુકસાન અંગે ઉપાધ્યાયની દલીલોના જવાબમાં સુપ્રીમ કોર્ટે કહ્યુ કે આમાં કોર્ટ શું કરી શકે? આ એક સામાજિક મુદ્દો છે. અમે તેના વિશે કંઈ કરી શકતા નથી. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યુ કે અમે દરેક સ્તરે વસ્તી નિયંત્રણના મુદ્દે પગલાં લઈ રહ્યા છીએ. આ પછી, સુપ્રીમ કોર્ટે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે આ નીતિનો મામલો છે. આ અંગે નીતિ બનાવવાનું કામ સરકારનું છે. આપણે તેની સાથે શું કરવું જોઈએ? કોર્ટે આદેશ કેવી રીતે પસાર કરવો જોઈએ કે વસ્તીને કેવી રીતે નિયંત્રિત કરવી. તમારી અરજી જુઓ. તમારી માંગણીઓ શું છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે દરેક મુદ્દે હસ્તક્ષેપ કરી શકીએ નહીં. તમે લોકપ્રિયતા મેળવવા માંગો છો. અમારું કામ તમને પ્રસિદ્ધિ મેળવવાનું નથી. અમે સાંભળીશું નહીં. કોર્ટના સણસણતા જવાબ બાદ ઉપાધ્યાયે અરજી પાછી ખેંચી લીધી હતી.

### નેન્સી પેલોસીએ ડેમોક્રેટિક પાર્ટી છોડવાની જાહેરાત કરી,નવી સંસદમાં પ્રમુખ પદ નહીં સંભાળે

વોશિગ્ટન,તા.૧૮

યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સ્પીકર નેન્સી પેલોસીએ ગુરુવારે કહ્યું કે તે નવી સંસદમાં સ્પીકર નહીં હોય. મધ્યસત્ર ચૂંટણીમાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં રિપબ્લિકન પાર્ટીની જીતથી ડેમોક્રેટિક પાર્ટીની બહુમતી ખતમ થઈ ગઈ છે. પેલોસીનું પ્રમુખ પદ પરથી ખસી જવાથી નવી પેઢીના નેતાઓ માટે માર્ગ મોકળો થશે.પેલોસીએ ગૃહને જણાવ્યું હતું કે લગભગ ૨૦ વર્ષ સુધી ડેમોક્રેટિક પાર્ટીનું નેતૃત્વ કર્યા બાદ તેણે પદ છોડવાનો નિર્ણય લીધો છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

કેલિફોર્નિયાના ડેમોક્રેટિક પાર્ટીના નેતા પેલોસી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવના પ્રથમ મહિલા સ્પીકર હતા. તેણીએ કહ્યું કે તે સાન ફ્રાન્સિસ્કોનું પ્રતિનિધિત્વ કરવાનું ચાલુ રાખશે.

## કોંગ્રેસ વેચાયેલી-થાકી ગયેલી પાર્ટી છે : યુથ કોંગ્રેસના પૂર્વ પ્રદેશ મહામંત્રી ગુરૂરાજસિંહ ચૌહાણ

**ઉમેદવારો માટે ૨ વર્ષથી નિરીક્ષકો મૂકી સર્વે કર્યો છતાં નબળા ઉમેદવારને મેન્ડટ આપ્યું છે.**

અમદાવાદ,તા.૧૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ ના મળવાના કારણે અનેક નેતાઓ નારાજ થયા છે. ત્યારે કોંગ્રેસમાં દહેગામ બેઠક પર કામીનીબા રાઠોડનું નામ કપાતા ભારે ઉહાપોહ મચ્યો છે. કામીનીબા રાઠોડનો ટિકિટને લઈને ભાવતાલ થતો એક કથિત ઓડિયો વાયરલ થયો હતો. ત્યારે આ દિશામાં વધુ એક નેતાએ સૂરમાં સૂર પુરાવ્યો છે. યુથ કોંગ્રેસના પૂર્વ પ્રદેશ મહામંત્રી ગુરૂરાજસિંહ ચૌહાણે ટિકિટને લઈને મોટા આક્ષેપ કર્યો છે.કોંગ્રેસમાં પૈસાથી ટિકિટ અપાતી હોવાનું ભૂત ફરી ધૂણ્યું છે. આજે યુથ કોંગ્રેસના પૂર્વ પ્રદેશ મહામંત્રી ગુરૂરાજસિંહ ચૌહાણે મોટો આક્ષેપ કરીને ખળભળાટ મચાવ્યો છે. તેમણે કોંગ્રેસ પર આક્ષેપ લગાવ્યો છે કે રૂપિયા ૨થી ૯ કરોડમાં ટિકિટનો સોદો થયાનો દાવો કર્યો છે. હાલોલમાં કોંગ્રેસના નબળા ઉમેદવારને ઉભા રાખવા સેટિંગ થયાનો આક્ષેપ કર્યો છે. તેમણે પૂર્વ મંત્રી અને ધારાસભ્યનું નામ લીધા વિના સોદાબાજીના આક્ષેપ કર્યો છે. એટલું જ નહીં, એક રાતમાં ત્રણ મેન્ડેટ કેન્સલ થયા હોવાનો ઘટસ્ફોટ કર્યો છે. ગુરૂરાજસિંહ ચૌહાણે જણાવ્યું છે કે કોંગ્રેસ વેચાય ગયેલી પાર્ટી છે.

કોંગ્રેસમાં ટીકીટની સોદાબાજીનું ભૂત હાલોલમાં પણ ધૂણ્યું છે. યુવક કોંગ્રેસના પૂર્વ પ્રદેશ મહામંત્રી ગુરુરાજ સિંહ ચૌહાણે કોંગ્રેસ પર અતિ ગંભીર આક્ષેપો લગાવ્યા છે. તેમણે દાવા સાથે આક્ષેપ લગાવતા જણાવ્યું હતું કે, કોંગ્રેસમાં ૨ થી ૯ કરોડમાં ટિકિટનો સોદો થયો છે. હાલોલમાં નબળો ઉમેદવાર ઉભો રાખવા કોંગ્રેસના કેટલાક હોદ્દેદારોએ સેટિંગ કર્યું છે. ભૂતપૂર્વ મંત્રી અને ધારાસભ્ય પર નામ લીધા વિના સોદાબાજીના આક્ષેપ કરતા જણાવ્યું કે છેલ્લી ઘડીએ કરોડોના વહીવટો કરે છે.

ગુરુરાજ સિંહ ચૌહાણે પ્રભારી ઉષા નાયડુ પર સોદાબાજીના આક્ષેપ લગાવ્યા છે. તેમણે જણાવ્યું કે કોંગ્રેસ પર ભરોસો ના રાખવો જોઈએ. ઉમેદવારો માટે ૨ વર્ષથી નિરીક્ષકો મૂકી સર્વે કર્યો છતાં નબળા ઉમેદવારને મેન્ડટ આપ્યું છે. એક રાતમાં ત્રણ વખત મેન્ડેટ બદલાયા છે. મારું પણ મેન્ડેટ આવ્યું હતું, પરંતુ અચાનક કેન્સલ થયું. મને ફોન આવ્યો હતો કે તમને ઉમેદવાર બનાવવા જઈ રહ્યા છીએ અને છેલ્લા દોઢ કલાકમાં બીજાનું નામ જાહેર થયું હતું. જેથી હું આશ્ચર્યમાં મૂકાયો હતો.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, કોંગ્રેસ વેચાયેલી અને થાકી ગયેલ પાર્ટી છે. કોંગ્રેસની ડિપોઝીટ ડુલ થવાની છે. કોંગ્રેસ અને ભાજપે હાલોલ બેઠક માટે સાથે મળીને સેટિંગ કર્યું છે. તમને જણાવી દઈએ કે નારાજ થયેલ ગુરુરાજસિંહ ચૌહાણે ગઈકાલે (ગુરુવાર) શહેર કોંગ્રેસ મહામંત્રી સહિત તમામ હોદ્દાઓ પરથી પોતાની ટીમ સાથે રાજીનામુ આપી દીધુ છે. દહેગામના પૂર્વ ધારાસભ્ય કામીનીબા રાઠોડનો ઓડિયો વાયરલ થઈ છે. આ કથિત ઓડિયો ક્લીપમાં કોંગ્રેસ પર તેમણે આકરા પ્રહારો કર્યા છે. ઓડિયો ક્લીપમાં તેઓ સ્પષ્ટ જણાવી રહ્યા છે કે કોંગ્રેસની ટિકિટ પૈસાથી વેચાય છે. આ ક્લીપમાં ભાવિન નામનો શખ્સ ટિકિટ માટે વાતચીત કરી રહ્યો છે. જેમાં તેઓ ૭૦, ૫૦ લાખ જેટલી રકમનો વાતચીતમાં ઉલ્લેખ થઈ રહ્યો છે.

## તંત્રી સ્થાનેથી...

### સમૂહ જી-૨૦ની અધ્યક્ષતા મળવી એક ઉલ્લેખનીય ઉપલબ્ધિ




*ભારતને દુનિયાની મોટી અર્થવ્યવસ્થાઓવાળા દેશોના સમૂહ જી-૨૦ની અધ્યક્ષતા મળવી એક ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. ભારતને આ દાયિત્વ પહેલી વાર મળ્યું છે. તેનાથી ન માત્ર એ સાબિત થાય છે કે વિશ્વ મંચ પર ભારતનું કદ વધી રહ્યું છે, બલ્કે એ પણ કે આંતરરાષ્ટ્રીય સમસ્યાઓને ઉકેલવામાં તેની ક્ષમતા પણ વધી રહી છે. નિઃસંદેહ તેની એક વ્યાખ્યા એ રૂપે પણ થઈ શકે છે કે વિશ્વ સમુદાયનો ભારત પર ભરોસો વધી રહ્યો છે. આ ભરોસો વધવાનું એક મોટું કારણ ભારતની આર્થિક સામર્થ્યમાં વૃદ્ધિની સાથે આંતરરાષ્ટ્રીય બાબતોમાં દુનિયાને પ્રભાવિત કરનારી નીતિઓ છે. આ પ્રભાવશાળી નીતિઓની એક ઝલક ચીન સામે ટકરાવ દરમ્યાન તો મળી જ, રશિયા-યુક્રેન યુદ્ધ દરમ્યાન પણ જોવા મળી.*

*વિશ્વ સમુદાય એની પણ અવગણના ન કરી શકે કે જ્યારે દુનિયા કોવિડ મહામારી સામે ઝઝૂમી રહી હતી, ત્યારે ભારતે કઈ રીતે વિભિન્ન દેશોની હરસંભવ સહાયતા કરી. એવી સહાયતા દુનિયાએ કેટલાય સમર્થ અને શીર્ષ દેશો પણ ન કરી શક્યા. વાસ્તવમાં આ જ કારણે છેલ્લા કેટલાક સમયતી વિશ્વ સમુદાય મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય બાબતોમાં ભારતના વલણ તરફ મીટ માંડે છે. ભારતને એક એવા સમયે જી-૨૦ની અધ્યક્ષતા મળી છે, જ્યારે હાલમાં બે મોટા આંતરરાષ્ટ્રીય સંમેલન દેશમાં થઈ ચૂક્યાં છે. એક આતંકવાદ પર સંયુક્ત રાષ્ટ્રની બેઠક રૂપે અને બીજું ઈન્ટરપોલ મહાસભાના આયોજન રૂપે. હવે આ પ્રકારનું જ એક અન્ય આયોજન 'નો મની ફોર ટેરર' એટલે કે એનએમએફટીના નામે થવા જઈ રહ્યું છે. આ આયોજન એ રેખાંકિત કરે છે કે ભારતના વધતા આંતરરાષ્ટ્રીય પ્રભાવને વિશ્વ સમુદાય સ્વીકારી રહ્યો છે. જોકે જી-૨૦ની અધ્યક્ષતા કરતાં ભારતને આ સમૂહનો એજન્ડા નક્કી કરવાનો અધિકાર હશે, તેથી વિશ્વના મોટા દેશ એક રીતે ભારતીય નેતૃત્વ દ્વારા દેખાડવામાં આવેલ રસ્તા પર ચાલશે. કારણ કે આર્થિક અને કૂટનીતિક બાબતોમાં તેઓ ભારતની અવગણના કરી શકવાની સ્થિતિમાં નથી. એમ તો ભારતની અધ્યક્ષતામાં જી-૨૦ દેશોનું સંમેલન આગામી વર્ષે સપ્ટેમ્બરમાં થશે, પરંતુ આ આયોજનના ઉપક્રમે આગામી મહિનાથી જ વિભિન્ન બેઠકોનો સિલસિલો શરૂ થઈ જશે, જે લગભગ આખું વર્ષ ચાલશે. આ બેઠકો દેશના વિભિન્ન હિસ્સામાં થશે, તેથી વિશ્વ સમુદાયને ભારતને ક્યાંય વધુ સારી રીતે જાણવાનો અવસર મળશે. ભારત જી-૨૦ની અધ્યક્ષતા કરતાં કઈ નીતિ પર ચાલશે, તેની એક ઝલક હાલમાં જ મળી, જ્યારે વડાપ્રધાને આ સમૂહના આગામી સંમેલનના લોકો, થીમ અને વેબસાઈટ ખુલ્લા મૂક્યા. એ સાચું કે આ સમયે વિશ્વ અનિશ્ચિતતાથી ગ્રસ્ત છે, પરંતુ ભારતે વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાથી કામ કરવાનો સંકલ્પ લઈને દુનિયાની આશા વધારવાનું કામ કર્યું છે.*

## ધાનેરાના ખેડૂતો ભાજપને મત આપવા કટિબદ્ધ

ધાનેરા વિધાનસભા ક્ષેત્રના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભગવાનદાસ પટેલ વિશે ધાનેરા તેમજ દાંતીવાડા તાલુકાના મતદારો મત આપી વિજઇ બનાવવા કટિબદ્ધ..



ખેડૂતો કેન્દ્ર અને રાજ્ય ની સરકાર વિશે જણાવ્યું હતું કે ખેડૂતો ને ટેકા ના ભાવ.અને ૧૨ કલાક વીજળી,તેમજ ખેડૂત ના ખાતા માં સીધા ૨૦૦૦ રૂપિયા સબસિડી રૂપે જમાં થાય તેની અસર ખેડૂત વર્ગ માં જોવા મળે છે.

આ સિવાય મનરેગા માં ૧૦૦% રોજગારી તેમજ બે લાખ થી પાંચ લાખ સુધી નું આરોગ્ય કવચ મજૂર અને મધ્યમ વર્ગ ઉપર ખૂબ અસર જોવા મળે છે..

જોઈને
સખી તને જોઈને આ,
ચરણ ધ્રૂજ્યા કરે છે.
પાંપણો કાબુમઆલિંગન
ઉડતા ઉડતા ઉડતા,
પ્રવેગથી
અમને આલિંગન આપ્યું.
કેટલું ઠંડું,
આલિંગન!
માનો કે,
હિમાલયે હોઠને હોઠથી ચુંબન કર્યું!!
આલિંગન આપીને,
એ સ્થિર ઉભા,
કયાં રહી શકે?
સ્થિરતા,
સ્થગિતતા,
બંધિયારપણું, એમના સ્વભાવમાં કયાં છે?
પુષ્પગિરિ પર્વત પર,
વહેલી સવારે વાદળો,
અમને આલિંગીને,
દૂર દૂર દૂર દૂર,
નજરથી ઓઝલ થતા રહ્યા!!!
એમને ઝકડી રાખવાના ઓરતા અધૂરા પ..
ભરત વૈષ્ણવ
પુષ્પગિરિં નથી,
પાંપણ ધ્રૂજ્યા કરે છે.
કોરા કોરા બે નયનો,

# આને કબુતરબાજી કહેવાય?

મહાલક્ષ્મી મંદિરના ચોગાન કે કોઇ મેદાનમાં ચણ નાંખો અને કબુતરા ગુટરગુ ગુટરગુ કરતાં, પાંખો ફફડાવતાં થોડું ઊડી પાછા ચણે તેવો માહોલ હશે એવી મારી નિર્દોષ અને નમણી કલ્પના હતી.

ઓફિસમાં ટેબલ પર , ખુરશી પર છાજલી પર, કબાટ પર, બારી પર બધે કબુતરા હશે! કંપનીનો માલિક લખનૌના નવાબની માફક જરકસી જામા પહેરીને નવાબી ઠાઠમાઠમાં હશે. તેના કોણીથી ઝુકાવેલા હાથની હથેળીમાં સફેદ રંગનું કબુતર હશે. એકાદું કબુતર લાફા પર બેસીને ચરકપાત કરતું હશે!! કબુતરબાજી માટે તો આવી જ કલ્પના બંધ બેસે!!

મેં વિઝિટિંગ કાર્ડ સિકયોરિટીને દેખાડીને કહ્યું ," આ કંપનીમાં જવું છે. આ કેરની કેટલામા માળે છે?"

"સર, સાતમા માળે સી વિંગમાં ૧૧૬ નંબરની શોપ છે." વોચમેને ગાઇડન્સ આપ્યું.

હુ લિફ્ટમાં સાતમા માળે સી વિંગમાં પહોંચ્યો. ૧૧૬ નંબરની શોપમાં જઇ રિસેપ્શનિસ્ટ પાસે ગયો. "એકસકયુઝ, મી.આ કાર્ડમાં નામ છાપેલ છે તે ભાઇ અહીંયા કામ કરે છે??" મેં રિસેપ્શાનિસ્ટને પૂછ્યું. "સર. એ અમારી કંપનીના માલિક છે." પેલી ફટાકડીએ જવાબ આપ્યો.

" તમારા સરને મળવું છે"અમે પેલા ફેશન બોમ્બને કહ્યું. આજકાલ ધંધા કરનારા રિસેપ્શન્સ્ટ કે પર્સનલ સેક્રેટરી તરીકે ફેશનબોમ્બને નોકરીએ રાખતા હોય છે. અર્ધો બિઝનેસ તેમના લીધે આવતો હોય છે. મણિબેન ટાઇપ હોય તો બિઝનેસની દશા ટાઈટેનિક જેવી થાય!!" કબુતરબાજ માટે?" પેલી કેટરીના કેફે પૂછ્યું.

"હા .મેડમ" મહિલા કર્મચારી જુઓ કે તમારા મુખમાંથી બેન કે સિસ્ટરને બદલે મેડમ શબ્દ જ નીકળે છે. જેને લોકો શિવલરી કહે છે!!!તેણે તેના માલિકની કેબિન દેખાડી. ઈન્ટરકોમ પર ફૂલફૂસાતા અવાજે સ્કેપગોટ મોકલું છું , ડિયર " તેમ કહ્યું. સામેના છેડેથી" સેન્ડ હીમ હની!" રહેવાયું હશે તેવી મેં કલ્પના કરી. કોર્પોરેટ કલ્ચરમાં આવું બધું સહજ છે!!મેં ડોર પર નોક કર્યું.

"કમ ઈન, પ્લીઝ"અંદરથીમધમાં ઝબકોળ્યો હોય તેવા મીઠા અવાજથી રહેવાયું.હું અંદર ગયો.

"બોલો, કેમ આવવું થયું? વોટ કેન આઇ ડુ ફોર યુ?" ટેબલ પર વીઝેશ ઝા એવીનેઈમ પ્લેટ હતી.

"વેરી રેર એન્ડ યુનિક નેઈમ " મેં કહ્યું!

"થેંકસ બડી"પ્રોફેશનલ રિસ્પોન્સ.

"તમે આવું કરો છો?"મેં ગુજરાતી અખબારનું પ્રેસ કટિંગ દેખાડીને પૂછ્યું.

" હોંવવે. કબુકરબોજી તો અમારે ડોબૌ હોથનો ખેઅલ સીં" માલિક મૂળ મહોણી થઇ જ્યો.

" કબુતર તો કયાં દેખાય છે?" મેં પૂછ્યું.

" કબુતર, મારી સામે છે." પેલો બોલ્યો

"કોણ?"મેં ભોળા ભાવે પૂછ્યું!

" અરે ,તમે! બીજું કોણ?" એ બોલ્યો.

"હું તમને કયાં એંગલથી કબુતર લાગું છું?"મેં અસમંજસથી પૂછ્યું.

કેમ તમારે ગેરકાયદેસર અમેરિકા, દુબઇ, ઇંગલેંન્ડ કેનેડામાં નોકરી કરવા જવું નથી?" તેણે કન્ફયુઝનમાં આંગળીનો નખ કરડતા પૂછ્યું.

" ગેરકાયદેસર જઇ શકાય? કેવી રીતે કેટલો ખર્ચ થાય?"મેં એકસામટા સવાલો પૂછ્યા.

" અમેરિકામાં જવા માટે મેકસિકા કે કેનેડાની સરહદ માઈનસ ડીગ્રીમાં કલાકો-દિવસો ચાલવું પડે. અમેરિકન મિલિટરી ગોળીએ વીંધી નાંખે. ઠંડીમાં માણસ મરી જાય. અમેરિકા ડીપોટ કરીને ભારત મોકલી દે. અહીંયા કાયદા મુજબ કાર્યવાહી થાય. સ્થાનિક ક્રિકેટ ટીમના ખેલાડી બની વિઝિટર વિઝા પર વિદેશ ગયા પછી ત્યાં ગેરકાયદેસર રહી જવાનું. કોઇ ડાન્સ ટીમ કે નાટક ગ્રુપમાં કલાના પરફોર્મન્સ માટે વિદેશ જઇ ત્યાં છૂમંતર થઇ જવાનું. આમાં સામેવાળાની ગરજ જોઇ લાખો કે કરોડો લઇ લેવા એટલે કબુતરબાજી." પેલાએ વટાણા વેરી દીધા!!

લો કર લો બાત ! આને થોડી કબુતરબાજી કહેવાય? આ તો ગીધબાજી કહેવાય!!બરાબર કે નહીં???

ભરત વૈષ્ણવ
૧૮.૧૧.૨૦૨૨.#
હાસ્યલેખ

### ડેઈલી માર્કેટ રિપોર્ટ

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદામાં વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં ઘટાડો

**કોટનનો વાયદો ગાંસડીદીઠ રૂ.૧૭૦ નરમઃ મેન્થા તેલમાં સુધારોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૦૧૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૮૮૧૪ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૨૧ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૨૩,૦૮૪ સોદાઓમાં કુલ રૂ.૧૭,૮૪૮.૫૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૦૧૨.૮૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૮૮૧૪.૨૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૭,૮૩૭ સોદાઓમાં કુલ રૂ.૪,૬૪૯.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૮૪૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૯૯૦ અને નીચામાં રૂ.૫૨,૮૩૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૩ વધી રૂ.૫૨,૯૩૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૩૬ વધી રૂ.૪૨,૪૮૬ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩ વધી રૂ.૫,૨૪૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૭૫૦ના ભાવે ખૂલી, રૂ.૯૧ વધી રૂ.૫૨,૭૮૯ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૨૬૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૫૮૮ અને નીચામાં રૂ.૬૧,૧૪૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૯૪ વધી રૂ.૬૧,૩૭૨ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૦૬ વધી રૂ.૬૧,૫૬૩ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૨૦ વધી રૂ.૬૧,૫૬૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૬૯૯ સોદાઓમાં રૂ.૨,૦૯૫.૧૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૨૦ ઘટી રૂ.૨૦૭.૨૫ અને જસત નવેમ્બર વાયદો રૂ.૦.૦૫ વધી રૂ.૨૬૮ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩.૮૫ ઘટી રૂ.૬૭૭.૦૫ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૫ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૦,૨૪૧ સોદાઓમાં કુલ રૂ.૨,૨૩૬.૫૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૭૨૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૭૪૪ અને નીચામાં રૂ.૬,૪૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૫૬ ઘટી રૂ.૬,૬૩૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧.૧૦ ઘટી રૂ.૫૦૬.૨૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૩૮૬ સોદાઓમાં રૂ.૩૧.૩૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૭૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૨,૮૦૦ અને નીચામાં રૂ.૩૨,૫૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૭૦ ઘટી રૂ.૩૨,૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૨૦ વધી રૂ.૯૫૫.૮૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૭૪૨.૧૫ કરોડનાં ૩,૨૮૭.૦૫૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૯૦૭.૭૦ કરોડનાં ૪૭૦.૧૯૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૪૩.૩૩ કરોડનાં ૧૨,૫૪,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૩૯૩ કરોડનાં ૨૬૯૯૧૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૭.૭૧ કરોડનાં ૮૬૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૩.૬૩ કરોડનાં ૩૭.૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૯૬૮.૫૪૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૫૮.૫૩૩ ટન, ક્રૂડ તેલમાં ૧૩૨૭૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૭૬૨૩૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૦૩૮૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૫૨.૮૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૧.૪૪ કરોડનાં ૨૯૨ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૪,૬૫૬ના સ્તરે ખૂલી, ૩૫ પોઈન્ટ વધી ૧૪,૬૮૩ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮,૮૧૪.૨૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૧૬૮.૦૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૭૮.૭૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૫૦૦.૮૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૬૬૫.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૨૮.૪૮ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૭.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૯ અને નીચામાં રૂ.૨૩૭.૭૦ રહી, અંતે રૂ.૧૩ ઘટી રૂ.૨૪૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૩.૮૦ અને નીચામાં રૂ.૭.૮૫ રહી, અંતે રૂ.૭.૭૫ ઘટી રૂ.૮.૩૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૫.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૮ અને નીચામાં રૂ.૧૮૫.૫૦ રહી, અંતે રૂ.૪૦.૫૦ વધી રૂ.૨૨૬ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪૯૯ ખૂલી, ઊપરમાં રૂ.૫૬૧ અને નીચામાં રૂ.૪૨૦ રહી, અંતે રૂ.૫૫ વધી રૂ.૫૧૩.૫૦ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૩ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૦ અને નીચામાં રૂ.૧૬૩ રહી, અંતે રૂ.૨૦.૫૦ વધી રૂ.૧૯૩.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો નેચરલ ગેસ નવેમ્બર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૧.૭૦ અને નીચામાં રૂ.૧૫ રહી, અંતે રૂ.૫.૮૫ વધી રૂ.૧૯.૫૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૩૯.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૭૪.૯૦ અને નીચામાં રૂ.૩૩૦.૨૦ રહી, અંતે રૂ.૧૩.૩૦ વધી રૂ.૩૬૭ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૪ ખૂલી, ઊપરમાં રૂ.૭૪ અને નીચામાં રૂ.૪૨.૫૦ રહી, અંતે રૂ.૨૦ ઘટી રૂ.૪૮ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૦ અને નીચામાં રૂ.૩૦.૫૦ રહી, અંતે રૂ.૭ ઘટી રૂ.૩૬.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૩૩ અને નીચામાં રૂ.૨૩૨ રહી, અંતે રૂ.૧૧૨ ઘટી રૂ.૨૮૬ થયો હતો.

## ચૂંટણી નો ચકરાવો

ભારતીય જનતા પાર્ટીએ ગઈકાલે ૮૯ બેઠકો ઉપર તેમના રાષ્ટ્રીય નેતાઓ દ્વારા વૈભવી રીતે પ્રચાર કર્યો જેની અસરો બૌદ્ધિક વર્ગ અને મતદારો ઉપર પડી રહેલી જોવા મળે છે. જે રીતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ચેપી નડા ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગીજી તેજસ્વી સુર્યાજી મહારાષ્ટ્ર નાયબ મુખ્યપ્રધાન ફડન ૨૦ તેમજ ભાજપના સાંસદો અને અન્ય નેતાઓએ આખો દિવસ જુદા જુદા મત ક્ષેત્રમાં જઈને જે ૧૦ ૧૫ ૨૦ મિનિટ નું ભાષણ કર્યું અને આ આખી પ્રક્રિયાના આયોજક ભારતીય જનતા પાર્ટીએ જે રીતે તેમની વૈભવશાળી તાકાતના દર્શન કરાયા જેની અસર મધ્યમથી નીચલા વર્ગ ઉપર બહુ જ ખરાબ રીતે જોવા મળી છે. ભાજપના જૂના ધારાસભ્યો અને કરમઠ કાર્યકરોએ અપક્ષની ઉમેદવારી નોંધાવીને આજે ફોર્મ પાછા ના ખેંચીને તેમણે ભાજપના સંગઠન પ્રત્યે નારાજગી દર્શાવી છે અને પોતાની અપક્ષ ઉમેદવારી ચાલુ રાખી છે. વાઘોડિયા ના પૂર્વ ધારાસભ્ય શ્રી મધુ શ્રીવાસ્તવ એ એક વીડિયોની અંદર કહ્યું હતું કે મારા કાર્યકરને જો કોઈ કોલર પણ પકડશે તો તેના ઘેર જઈને ગોળી ધરબી દઈશ. આ નિવેદનથી ન્યાયતંત્રમાં સુવો મોટો દાખલ કરવામાં આવી છે અને બરોડા કલેક્ટર દ્વારા તેની તપાસ કરીને જવાબ મંગાવવામાં આવ્યો છે આવા દબંગ લોકોને ભારતીય જનતા પાર્ટીએ એકમાત્ર વોટ બેંકની ભીખ થી પોતાની સત્તા ટકાવી રાખવાનું રાજકારણ જ્યાં જ્યાં પણ કર્યું છે ત્યાં ત્યાં પ્રજામાં આક્રોશ ફાટી નીકળ્યો છે. હજુ પણ ઘણા અપક્ષ ઉમેદવારો ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને નડી જઈને વોટબેંકમાં ફેરફાર કરાવીને ઘણા ઉમેદવારોને ઘેર લાવે તો નવાઈ નહીં અને આ વખતે અપક્ષોની જીત પણ વધારે જોવા મળે તો નવાઈ નહીં. જન ફરિયાદ ન્યુઝ સંપાદક પ્રદીપ રાવલ.

# મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર ગાંધીએ ભારત જોડો યાત્રામાં રાહુલ ગાંધી સાથે માર્ચ કરી માર્ચ

મુંબઇ,તા.૧૮

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી પહેલા કોંગ્રેસને મજબૂત કરવા માટે ચાલી રહેલી ભારત જોડો યાત્રા હાલમાં મહારાષ્ટ્રમાં છે. મહારાષ્ટ્રમાં યાત્રાના અંતિમ દિવસે શુક્રવારે સવારે અકોલા જિલ્લાના બાલાપુરથી યાત્રા ફરીથી શરુ થઈ ગઈ અને બુલઢાણા જિલ્લાના શેગાંવ તરફ જઈ રહી છે. યાત્રા દરમિયાન ઘણા મોટા નેતા અને સેલિબ્રિટી પણ જોડાય છે. આ ક્રમમાં શુક્રવારે યાત્રામાં મહાત્મા ગાંધીના પ્રપૌત્ર અને લેખક તુષાર ગાંધી પણ સામેલ થયા. તેમણે રાહુલ ગાંધી સાથે અમુક કિલોમીટર સુધી માર્ચ કરી.



મહારાષ્ટ્રમાં ભારત જોડો યાત્રાનો આજે ૧૨મો દિવસ છે. મહારાષ્ટ્રમાં આ યાત્રાનો છેલ્લો તબક્કો છે. આ યાત્રા આજે સવારે અકોલા જિલ્લાના બાલાપુરથી શરૂ થઈ હતી.રિપોર્ટ્સ અનુસાર રાહુલ ગાંધી આજે શેગાંવમાં જનસભાને સંબોધી હતી આ સાથે રાહુલ ગાંધી અહીં સ્થિત ગજાનન મહારાજ મંદિરની પણ મુલાકાત લીધી હતી તમને જણાવી દઈએ કે બૉલિવુડ અભિનેત્રી રિયા સેને પણ ગુરુવારે ભારત જોડો યાત્રામાં ભાગ લીધો હતો. મુલાકાત દરમિયાન રાહુલ ગાંધી સાથેની વાતચીતનો ફોટો પણ વાયરલ થયો હતો. રિયા સેને રાહુલ ગાંધી સાથે કેટલાક કિલોમીટર સુધી માર્ચ કરી હતી. આ પહેલા તેલંગાણામાં બૉલિવુડ અભિનેત્રી પૂજાએ પણ યાત્રામાં ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીએ મંગળવારે વાશિમ જિલ્લામાં આયોજિત એક રેલીને સંબોધિત કરી હતી જેમાં તેમણે વીર સાવરકર પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે સાવરકર ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રતીક છે. તેઓ અંદમાનમાં બે-ત્રણ વર્ષ જેલમાં રહ્યા પછી તેમણે દયાઅરજીઓ લખવાનુ શરૂ કરી દીધુ હતુ. રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે સાવરકર પોતાના પર એક અલગ નામથી પુસ્તક લખ્યુ હતુ અને જણાવ્યુ હતુ કે તેઓ કેટલા બહાદુર છે. રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે તેઓ અંગ્રેજો પાસેથી પેન્શન લેતા હતા, તેમના માટે કામ કરતા હતા અને કોંગ્રેસ વિરુદ્ધ કામ કરતા હતા. રાહુલ ગાંધીએ કહ્યુ કે આદિવાસી નેતા બિરસા મુંડા અંગ્રેજો સામે લડ્યા હતા, પરંતુ આજકાલ તેમની વિચારધારા પર આરએસએસ અને ભાજપ દ્વારા હુમલો કરવામાં આવી રહ્યો છે.સ્વાતંત્ર્ય સેનાની વીડી સાવરકર પર રાહુલ ગાંધીના નિવેદનથી રાજકારણ ગરમાયુ છે. આ અંગે બાળાસાહેબ શિવસેના (શિંદે જૂથ)ના નેતા વંદના ડોંગરેએ થાણે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ સાથે શિંદે જૂથની શિવસેના પાર્ટીએ પણ રાહુલ ગાંધીની ધરપકડની માંગ કરી છે.

**ઈલેકશન સ્પેશિયલ**

**કરસન કાકા મતદાન કરી બહાર આવ્યાં ને પોલીંગ એજન્ટને પૂછ્યું કે, "તારી કાકી મતદાન કરી ગઈ?"**

**એજન્ટે પૂરું નામ પૂછી લિસ્ટમાં ચેક કરીને કહ્યું કે "હા મતદાન કરી ગયાં."**

**કાકાએ ગળગળા અવાજે કહ્યું, "જલ્દી આવ્યો હોત તો મારે મુલાકાત થઈ જાત."**

**એજન્ટ : "કેમ, કાકી તમારી જોડે નથી રહેતાં?"**

**કાકાઃ "તેને દેવલોક થયે સોળ વરસ થઈ ગયાં, દરેક મતદાનમાં આવેછે, ને મતદાન કરીને ચાલી જાય છે, પણ મળતી નથી."**

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG SS NO : 126
પ્રકાર : ગદ્ય, ચિંતન લેખ
વિષય : ધર્મ પરિવર્તનની આડ અસરો.
નામ : મોહનભાઈ 'આનંદ'
==============================

ધર્મ શું પરિવર્તનશીલ છે? સૌ પ્રથમ ધર્મ સમજીએ.

ધર્મ એટલે જેનાથી જીવનનું ધારણ પોષણ અને કલ્યાણ થાય, રક્ષણ થાય અને બીજા કોઈ પણ જીવને પ્રકૃતિમાં

હાની ના થાય, કે એના પ્રાકૃતિક હક્કના છીનવાય એવી રીતે ફરજ બજાવતા રહેવું એ જ ખરો વૈશ્વિક ધર્મ છે.

ધર્મ એટલે સત્ય અહિંસા અસ્તેય બ્રહ્મચર્ય અને અપરિગ્રહના આચરણ દ્વારા સત્ય એટલે કે દ્વૈતમાં અદ્વૈતનો આનંદ પામવો.ધર્મ એટલે એક માનવીની માનવીય મૂલ્યો સંબંધો અને સંવેદનશીલતાની સત્ય આચરણ દ્વારા અનુભૂતિ થાય એ ફરજ બજાવતા રહેવું.

એ જ ખરો ધર્મ છે.

પરંતુ અજ્ઞાન વશ દરેક ધર્મના ગુરૂઓ, અથવા વ્યક્તિઓ,

દ્વારા જાત જાતના કારણોને લીધે કહેવાતા પોતાનો ધર્મનો ત્યાગ કરી બીજા અન્ય ધર્મોમાં જીવન વ્યતીત કરવા માટે

ધર્મ પરિવર્તન કરાવે છે.એ જગ જાહેર છે.ભૂતકાળમા આપણા ધર્મગુરુ તથા નેતાઓના સંતાન અને બીજા કેટલાક વિશ્વના લોકોએ એક ધર્મમાંથી બીજા ધર્મોમાં પરિવર્તન કર્યું છે.ધર્મ પરિવર્તનના ઘણા કારણો છે, પરંતુ એની ચર્ચા કરવી નથી. પરંતુ ધર્મ પરિવર્તન થવાથી જે તે

ધર્મના લોકો લઘુમતિમાં આવી જાય અને રાજકીય પલટો

એના કારણે થાય. દેશમાં કાનૂન અને વ્યવસ્થા પર પણ એની ગંભીર અસર થાય.

કોઈ પણ ધર્મના નામે પરિવર્તન ખાલી ધર્મના નામ પુરતું હોય છે.વ્યકતિના હ્દયનું પરિવર્તન થતું નથી તેથી એવા પરિવર્તન કોઈ વિશેષ કારણોથી થતાં હોય,દરેક ધર્મના ગુરુઓએ ધર્મનું રહસ્ય સમજાવવું જોઈએ.દેશની પ્રજા વોટ બૅંક છે તેથી રાજકારણમાં પણ ધર્મ જોડવામાં આવે તો ખતરો છે. દુનિયાનાં સંખ્યાબળ ધરાવતા ધર્મો પોતાની

વસ્તી વધે એટલે કે એમનો પ્રભાવ વધે એ માટે સત્સંગ દ્વારા પ્રચાર પ્રસાર કરી ધર્મપરિવર્તન કરાવે છે.પરંતુ એનું

પરિણામ શૂન્ય છે.માનવના જીવનમાં પરિવર્તન થતું નથી.

વાસ્તવમાં તો કુદરતી ન્યાય, પ્રાકૃતિક નિયમો અને માનવતાનું તથા પ્રાણી માત્રનું કલ્યાણ થાય એવા કર્મ જ ધર્મ કહી શકાય.એક ધર્મમાંથી બીજા ધર્મોમાં જવા માટે બધા સ્વતંત્ર છે.પરંતુ સમજ્યા વગરનું ધર્માચરણ ?વિનાશકારી છે. આ બાબતે દરેક ધર્મના ગુરુઓ એ ધર્મનો

સાક્ષાત્કાર કરીને એ અનુભૂતિ બધાને કરાવી સન્માર્ગે વાળવા જોઈએ, જેથી પ્રાણી માત્રનું કલ્યાણ થાય.

જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે.સુખ , શાંતિ સમૃદ્ધિ અને વિકાસ છે. જ્યાં વિકાસનો અભાવ છે ત્યાં ધર્મના નામે નર્યો દંભ છે. ખરેખર એવા ધાર્મિક લોકોને ધર્મનો સાચો અર્થ સમજાવવામાં આવે તો કંઈક સારું પરિણામ મળે.

જય હો મંગલમય હો. સર્વ ધર્મ સમભાવ કેળવો.ૐ

----------------------------------------------------

NOG:SS:NO.:0101
પ્રકારઃ ગદ્ય- ચિંતન લેખ
વિષયઃ ધર્મ પરિવર્તનની આડ અસરો
નામઃ ભરત સાંગાણી

બંધારણ મુજબ દરેકને પોતાને ઈચ્છિત ધર્મ પાળવાનો અધિકાર છે.

આપણે જાણીએ છીએ કે દરેક ધર્મના ધર્મ વડાઓ પોતાના ધર્મનો પ્રચાર દેશ વિદેશમાં કરે છે. બૌદ્ધ ધર્મના પ્રચાર માટે સમ્રાટ અશોકે વિદેશમાં બૌદ્ધ ધર્મના સાધુઓને મોકલાવ્યા હતાં, સનાતન ધર્મના પ્રચાર અર્થે શંકરાચાર્યજીએ દેશ ભ્રમણ કર્યું હતું. ઈસાઈઓ પણ તેમની મિસીનરીઝની સ્થપના અન્ય દેશોમાં ઈસાઈ ધર્મના ફેલાવા માટે કરે છે અને મુસ્લિમ ધર્મ પ્રચારકો પણ તેમ કરતાં હોય છે.

બધાં ધર્મ પ્રચારકો પોતાનો ધર્મ જ શ્રેષ્ઠ છે તે મોક્ષનું દ્વાર છે, અથવા તે ઈશ્વર-અલ્લાહ-ગોડ સુધી લઈ જનારો સૌથી સારો માર્ગ છે. આને કારણે ઘણાં લોકો તે તે ધર્મના દર્શન શાસ્ત્રને સ્વીકારી તે ધર્મ સ્વીકારે છે, ધર્મ પરિવર્તન કરે છે.

પણ, હંમેશા એવું બનતું નથી. ઈસાઈઓ દલિતો, આદિવાસીઓ, ગરીબોને, વાંચીતોને શિક્ષણ- આરોગ્ય-રોજગારીની તકો આપી ઉભી કરી પોતાના ધર્મ તરફ વાળી ધર્મ પરિવર્તન કરાવતાં હોઈ છે. આને આપણે લાલચ કહીશું? કદાચ હા.

તો પ્રશ્ન છે કે શું છેવાડાના વંચિત લોકોને સારું શિક્ષણ, આરોગ્ય સુવિધા, રોજગારી મળવાનો અધિકાર, સારું જીવન જીવવાનો અધિકાર કોઈ ધર્મ પરિવર્તન થી મળતો હોય તો તે શા માટે તે ધર્મ ન સ્વીકારે? આ યક્ષ પ્રશ્ન છે.

જ્યારે સમાજ અને સંસ્થાઓ, સરકારો પ્રજા કલ્યાણના કામો કરવામાં ઊણી ઉતરે, છેવાડાના માનવી સુધી આવશ્યક જીવન જરૂરીયાતના લાભો ન પહોંચાડી શકે ત્યારે જ આવી ધર્માણતરણની ઘટના બને છે!

તો તેને માટે જવાબદાર કોણ?

હા, બળજબરીથી થતાં ધર્માન્તરનો તો ચોક્કસ વિરોધ થવો જ જોઇએ, તે કોઈપણ રીતે સ્વીકારી ન શકાય.

પ્રશ્ન એ છે કે આ ધર્મ પરિવર્તન એટલા મોટા પ્રમાણમાં થાય છે કે દેશની સુપ્રીમ કોર્ટ એવી ટિપ્પણી કરે કે રાષ્ટ્રની સુરક્ષા સામે તે ખતરો ઉભો કરે છે?

તે વિચાર માગી લે છે? આને માટે શું સરકાર જવાબદાર છે?

કે પછી ચૂંટણી-ચૂંટણી વરસમાં પ્રજામાં-મતદારોમાં પોલારાઇઝેશન કરવા આવો કાલ્પનીક ભય ઉભો કરવા સુપ્રીમ કોર્ટમાં ફરી અરજી કરવામાં આવે છે જે એકવાર નકારી કાઢવામાં આવેલ છે?

ધર્મ પરિવર્તનની આડ અસર રૂપે જે તે ધર્મના લોકોની વસ્તી સંખ્યા ઓછી થાય કે અન્યની બેસુમાર વધે તે ભારતમાં અત્યારે કે આવનાર સૈકાઓ સુધી શક્ય નથી.

ધર્મ શબ્દનો સૌથી પ્રાચીન અર્થ ઋગ્વેદમાં જોવા મળે છે અને એનો અર્થ છે, 'કોઈપણ વ્યક્તિ અથવા વસ્તુનો મૂળભૂત સ્વભાવ જે એ વ્યક્તિ કે વસ્તુ ક્યારેય ત્યાગી ન શકે.'

આ રીતે જોઈએ તો ધર્મનો અર્થ એ થયો કે જે આચાર-વિચાર આપણે ધારણ કર્યા છે એ ધર્મ અથવા એનાથી સરળ શબ્દોમાં કહીએ તો જે આપણા જીવનની પ્રત્યેક બાજુઓને સ્પષ્ટ કરતી હોય એવી આપણી જીવનશૈલી આપણો ધર્મ છે.

કેટલું સારું થાય જો આપણે 'ધર્મ' શબ્દના આ સૌથી પ્રાચીન અર્થ તરફ પરત વળીએ, જીવીએ અને જીવવા દઈએ.

'ભરત સાંગાણી'

----------------------------------------------------

NOG SS NO : 120
શબ્દ : ધર્માંતરણ ની આડ અસરો
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : ધર્માંતરણ
શબ્દ સંખ્યા : ૮૧

જન્મથી મહાન નથી છતાં જડતા રાખે,
જ્ઞાતિવાદનો ભોરિંગ કરાવે ધર્માંતરણ.
લાલચને પ્રલોભનોથી થી પ્રેરાય લોકો,
મજબુર થઈને કરે લોકો ધર્માંતરણ.
જે ધર્મનો ફેલાવો કરીને સમજાવતા હોય,
ધર્મગ્રંથોથી અનુયાયીઓ કરાવે ધર્માંતરણ.
વિશ્વમાં શાંતિની જ્યોત સૌ પ્રગટાવીએ,
દેશ અને દુનિયામાં અટકાવીએ ધર્માંતરણ.
સાચો ધર્મ સદગુરુ એ આપેલો ઉપદેશ,
જીવનમાં જ્ઞાનપ્રકાશ ફેલાવીએ ધર્માંતરણ.
'રમા' બિનસાંપ્રદાયિક લોકશાહી દેશમાં રહીએ,
સાચો માનવધર્મ એ જ સર્વેધર્મોનું ધર્માંતરણ.

રમીલાબેન ડી મકવાણા 'રમા'
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

# 'સાહીત્ય,ગઝલ,કવિતા ગ્રુપ' દ્વારા રવિવારે કવિ સંમેલનનું આયોજન, જાણીતા કવિઓ આપશે ઉપસ્થિતી



સાહિત્ય એટલે જીવન જીવવામાં આવતી મજા. કોઈપણ સાહિત્યનાં પ્રસાર અને પ્રચાર માટે શાસકોની નીતિ, લોકોની રહેણીકરણીની શૈલી અને સમાજનો વિશ્વવ્યાપી પ્રભાવ અત્યંત મહત્ત્વનો છે. બોલાતી ભાષા અને તેના પરથી રચાતા સાહિત્યમાં કાળક્રમે પરિવર્તન આવતું હોય છે. લોકોના અતિવ્યસ્ત જીવનમાં જયારે સાહિત્ય પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવા મેળાવડા રચાય છે ત્યારે જાણે જીવન ખરા અર્થમાં સાર્થક થાય છે. રાજકોટ ખાતે આવા જ એક મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું છે.

'સાહીત્ય,ગઝલ,કવિતા ગ્રુપ' દ્વારા કવિ સંમેલનનું આયોજન થયું છે. આ કાર્યક્રમનું આયોજન ભૂષિત શુક્લ, જોગીન પંડ્યા દ્વારા કરવામાં આવ્યું છે. કાર્યક્રમનું સંચાલન નમ્રતાબેન ઓઝા દ્વારા કરવામાં આવશે. મિત્તલભાઈ ખેતાણી, અજયભાઈ જોશી, નૈષધભાઈ વોરા મુખ્ય મહેમાનો તરીકે ઉપસ્થિતિ આપશે. દિશાબેન શુક્લ દ્વારા સરસ્વતી વંદના કરવામાં આવશે. કાર્યક્રમમાં ભૂષિતભાઈ શુક્લ, જોગીનભાઈ પંડ્યા, મિત્તલભાઈ ખેતાણી, પાર્થેશભાઈ નાણાવટી, આશિષભાઈ અઘેરા, રાજેશભાઈ દુદાણી, અંબાલાલભાઈ ખાનપરા, હર્ષલભાઈ અંજારિયા, જયદેવભાઇ રાવલ, જયદીપભાઈ લશ્કરી, જગતકિશોર ઢેબર, કિશોરભાઈ નથવાણી, નમ્રતાબેન ઓઝા, હેતલબેન ઠક્કર, મીરાબેન વ્યાસ, શૈમીબેન ઓઝા, મેઘલબેન ઉપાધ્યાય, જશુબેન બકરાણીયા, અવનીબેન ગોહેલ, સોનુબેન ભટ્ટ, કામ્યાબેન ગોપલાણી પોતાની સ્વ રચિત કવિતાઓ, ગઝલ રજુ કરશે. આ કાર્યક્રમનું આયોજન ૨૦ નવેમ્બરે, રવિવારનાં રોજ સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી સીઝન્સ સ્કવેર હૉલ, અમીન માર્ગ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. સૌને આ કવિ સંમેલનમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આ અંગે વિશેષ વિગતો માટે ભૂષિતભાઈ શુક્લ (મો. ૯૦૧૬૬ ૯૬૩૮૦) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## શાસ્ત્રો મુજબ પૂજામાં નિષેધ કાર્ય

૧) ગણેશજીને તુલસી ન ચઢાવવી

૨) દેવીને દુર્વા ન ચઢાવો

૩) શિવલિંગ પર કેતકીના ફૂલ ચઢાવશો નહીં.

૪) તિલકમાં વિષ્ણુને અક્ષત ન ચઢાવો

૫) એક જ પૂજાઘરમાં બે શંખ ન રાખવા

૬) મંદિરમાં ગણેશજીની ત્રણ મૂર્તિઓ ન રાખવી

૭) તુલસીનું પાત્ર ચાવીને ન ખાશો.

૮) બૂટ-ચંપલ દરવાજા પર ઊંધા ન રાખવા.

૯) દર્શન કર્યા પછી બહાર પરત ફરતી વખતે ઘંટ વગાડશો નહીં.

૧૦) આરતી એક હાથે ન લેવી જોઈએ

૧૧) બ્રાહ્મણને આસન વગર ન બેસાડવા જોઈએ.

૧૨) સ્ત્રી દ્વારા પ્રણામ કરવાની મનાઈ છે.

૧૩) દક્ષિણા વગર જ્યોતિષીને પ્રશ્નો પૂછવા ન જોઈએ.

૧૪) ઘરમાં પૂજા કરવા માટે અંગુઠાથી મોટું શિવલિંગ ન રાખવું

૧૫) તુલસીના વૃક્ષમાં શિવલિંગ કોઈ પણ જગ્યાએ ન હોવું જોઈએ

૧૬) ગર્ભવતી સ્ત્રીને શિવલિંગને અડવું નહીં.

૧૭) મહિલાને મંદિરમાં નાળિયેર ફોડવું (વધેરવું) નહીં.

૧૮) રજસ્વલા સ્ત્રીનો મંદિરમાં પ્રવેશ પર પ્રતિબંધ છે

૧૯) પરિવારમાં સૂતક હોય તો પૂજા કરશો નહીં અને મૂર્તિને અડશો નહીં

૨૦) શિવજીની સંપૂર્ણ પરિક્રમા થતી નથી.

૨૧) શિવલિંગ પરથી પસાર થતા પાણીને પાર ન કરવું જોઈએ

૨૨) એક હાથે નમન ન કરો.

૨૩) તમારો દીવો બીજાના દિવાથી પ્રગટાવવો નહી.

૨૪.૧) ચારણામૃત લેતી વખતે જમણા હાથ નીચે નેપકિન મૂકો, જેથી એક ટીપું પણ નીચે ન પડે.

૨૪.૨) ચરણામૃત પીને માથા કે શિખા પર હાથ ન લૂછવો, પરંતુ આંખો પર લગાવો શિખા પર ગાયત્રીનો વાસ છે તેને અપવિત્ર ન કરો.

૨૫) દેવતાઓને લોહાનનો ધૂપ અથવા નિમ્નતાની અગરબત્તીનો ધૂપ પ્રગટાવવો નહીં.

૨૬) શનિદેવની અને હનુમાનજીની મૂર્તિને સ્ત્રીઓએ સ્પર્શ કરવાની મનાઈ છે

૨૭) કુંવારી કન્યા પાસે પગે લગાવવું પાતક છે

૨૮) મંદિર પરિસરમાં સ્વચ્છતા જાળવવા સહકાર આપવો

૨૯) મંદિરમાં ભીડ હોય ત્યારે લાઈન પર અને તમારા ઓર્ડર પ્રમાણે જ લાઈનમાં રહો અને ભગવાનનામચાર કરતા રહો.

૩૦) ભૈરવ સિવાયના અન્ય મંદિરમાં દારૂડિયાનો પ્રવેશ વર્જિત છે

૩૧) મંદિરમાં પ્રવેશ કરતી વખતે પહેલો જમણો પગ મૂકવો જોઈએ અને બહાર નીકળતી વખતે ડાબો પગ પહેલા રાખવો જોઈએ.

૩૨) ઘંટડીને એટલી જોરથી વગાડશો નહીં કે તેનાથી કર્કશ અવાજ આવે.

૩૪) શક્ય હોય તો મંદિરમાં જવા માટે એક જોડી કપડા અલગ રાખો.

૩૫) જો મંદિર દૂર ન હોય તો જૂતા-ચપ્પલ વગર ચાલતાં મંદિર જેવું જોઈએ.

૩૬) મંદિરમાં ખુલ્લી આંખે ભગવાનના દર્શન કરો અને મંદિરમાંથી ઉભા ઉભ પરત ન ફરો, બે મિનિટ બેસીને ભગવાનના રૂપના નિરાંતે દર્શનનો લાભ લો.

૩૭) આરતી લીધા પછી અથવા દીવાને સ્પર્શ કર્યા પછી હાથ ધોવાનું સુનિશ્ચિત કરો.

ઉલ્લેખિત આ બધી વસ્તુઓ પરંપરાગત રીતે આપણા મુનિઓ પાસેથી પ્રાપ્ત થઈ છે.

જય શ્રી કૃષ્ણ
સંપાદકઃ 'મ ન'

# રોજિંદા જીવનમાં જયણા કેવી રીતે જાળવી શકાય



ભગવાન મહાવીરે છ દેહના જીવોની રક્ષા કરી હતીભગવાનએ જે વાતો કહી હતી, તે તેમના સાડા બાર વર્ષની આધ્યાત્મિક સાધના દરમિયાન આચરણમાં મૂકી હતી. તે સમયે કરવામાં આવેલ કાયોત્સર્ગ અને ધ્યાનમાં, તેઓ ઘણીવાર જીવના રક્ષણ વિશે ઊંડો વિચાર કરતા. જયણા એ ધર્મ, જયણા એ જ સફળતા, જયણા એ જીવન અને જયણા એ કર્તવ્ય. સાધુ-સાધ્વી અને શ્રાવક- શ્રાવિકાએ સવારે ઉઠે ત્યારથી લઈને રાત્રે સૂવા સુધીના તમામ કાર્યોમાં જયણામાં રહેવું જોઈએ.

જયણા મતલબ કોઈ પાપ ન હોવું જોઈએ, જીવોની રક્ષા હોવી જોઈએ કે લઘુમતીમાં એવી જાગૃતિ હોવી જોઈએ.

તેમણે કહ્યું કે આ લાગણી જ ધર્મના પિતા અને પાલનપોષણ છે. આથી શાસ્ત્રોમાં ચણાને ધર્મની માતા તરીકે વર્ણવવામાં આવી છે. જો અષ્ટપ્રવચન માતા સાથેની માતા છે, તો જયના શ્રાવકની માતા છે. જયણા એટલે સર્વાઈવલ પ્રત્યે સાવધાની. આપણી આજુબાજુ વિશાળ જીવો પથરાયેલા છે.આંગણામાં બિલાડીઓ હોય તો શેરીઓમાં કૂતરા રખડતા હોય છે. તો ક્યાંક બીલમાં રહેતા ઉંદરો હોય તો ક્યાંક એન્થિલ્સ હોય. વાળમાં જૂઓ છે, છત અને દિવાલો પર પક્ષીઓના માળાઓ છે અને ક્યાંક કોબવેલ્સ છે. ઉધઈ ફર્નિચર અને દિવાલો પર ફેલાયેલી છે. ચારેબાજુ મચ્છરો ઉડી રહ્યા છે. નળમાંથી આવતા પાણીમાં અસંખ્ય ત્રસ જીવો છે. અનાજમાં વેણી વગેરે હોય છે, તેથી ઘણા જીવો, વેણી વગેરે લીલાં અને શાકભાજીમાં જોવા મળે છે. વાસણોમાં કુમપુઓ છે. ઘરની આજુબાજુ ઘણા પક્ષીઓ કિલકિલાટ કરે છે અથવા અવાજ કરે છે કેટલીકવાર ઘરમાં ગરોળી, કાર્યો અથવા કાનખજૂરો જેવા પ્રાણીઓ જોવા મળે છે. ચાતુર્માસની સિઝનમાં રોજેરોજ અવનવા જીવો જોવા મળે છે. અળસિયા અને દેડકા વચ્ચે અગ્રણી છે.

ક્યારેક નાના સાપ, વીંછી અને સાપના પ્યુપા જેવા જંતુઓ પણ જોવા મળે છે. સાયેત માટી એ ધરતીનું શરીર છે, કાયા પાણીમાં અપકાયા જીવો છે. અગ્નિ-વાયુ- વનસ્પતિમાં પણ જીવો છે.

ખાધપદાર્થો, ર્નિચર વગેરે પર ઉત્પાદિત કૂલો, ઘરના પરિસરમાં કેલાયેલી લીલ (શેવાળ) માં પણ અનંત શરીરના જીવો હોય છે.

સાપ્ત કરતી વખતે, તમારી બેદરકારીને કારણે અનંત જીવોની હિંસા થવાની સંભાવના છે. આપણા તરફથી થોડી સાવચેતી આવા અનેક જીવોના જીવન બચાવી શકાય છે અને હિંસાના પાપોથી આપણને બચાવી શકાય છે. પાપથી રક્ષણ એટલે ભવિષ્યના દુ:ખોથી રક્ષણ આ રીતે જયણા એ આપણી માતા છે જે પાપો અને દુઃખોથી પોતાનું રક્ષણ કરે છે.

રોજિંઘ જીવનમાં જયણા કેવી રીતે જાળવી શકાય -

૧) મોરનાં પીંછા મોરના પીંછા રાખીને કે હલાવીને સાપ અને ગરોળી ભાગી જાય છે. ૨) ડામરની ગોળી :- કપડાં, પુસ્તકની થેલીઓ, અલમિરાહ વગેરેમાં ડામર ગોળી રાખવાથી જીવો ઉભા થતા નથી. ૩) બુધઃ- અનાજમા પારાની ગોળી નાખવાથી અનાજ સતું નથી અને તેમાં જીવો ઉત્પન્ન થતું નથી.

૪) એરડાનું તેલ :- ઘઉં, ચોખા,

આ તેલથી મસાલા વગેરે ઘસવાથી જીવો મરતા નથી અને તેની ગંધ કીડીઓને ભગાડે છે.

૫) ચૂનો :- ઉકાળેલા પાણીમાં ચૂનો ભેળવવાથી તે પાણી ૭૨ કલાક સુધી અચિત રહે છે જેથી જીવો ઉત્પન્ન થતાં નથી. ૬) દીવાલો પર ચૂનો લગાવીને જીવો જલ્દી આવતો નથી. લાકડાના ફર્નિચર પર ચૂનો ચોપડવો જેથી દિમક જેવા જંતુઓ ઉત્પન્ન થતા નથી.

૭) ડામર (કોલસા-ટાર): ડામર ઉપર નિગોદની ઉત્પત્તિ થતી નથી. આ દ્વારા ઉધઈ પણ અટકી જાય છે.

૮) કેરોસીન (કેરોસીન)- ત્વચા પર કેરોસીન ઘસવાથી મચ્છર કરડતા નથી જમીન પર કેરોસીન છાટવાથી કીડીઓ પાણીથી લૂછવાની આવશ્યકતા રહેતી નથી.

૯) રાખ :- કીડીઓની લાઇનની આસપાસ રાખ નાખવાથી તે દૂર થઇ જાય છે. જો રાખને દાણામાં વાર્ટીને બોક્સમાં રાખવામાં આવે તો દાણા સડતા નથી.

૧૦) કપૂર :- ઉંદરો કપૂરની ગોળીની ગંધથી ભાગી જાય છે અને તેમનું આવવું-જવું, દોડવું ઓછું થાય છે. કપૂરો પાવડર આસપાસ ફેંકવાથી કીડી દૂર થાય છે, હળદળ છાટવાથી પણ વિડીઓ દૂર થાય છે. ૧૧) ઓચર (લાલ રંગની માર્ટી) - દિવાલ પર લગાડવાથી કરવાથી ઉધઈ થતી નથી.

૧૨) બારીક જાળીવાળા બારીઓ દરવાજાઃ- બારીઓ- દરવાજામા બારીક જાળીદાર દરવાજા કીટ કરવાથી, જ્યારે તે બંધ થશે ત્યારે હવા અને પ્રકાશ ત્યા પહોંચી જશે, પરંતુ મચ્છર, માખીઓ વગેરે પ્રવેશી શકશે નહીં

૧૩) ધૂપ : લીમડાના સૂકા પાનથી ધૂપ કરવાથી મચ્છર વગેરે પ્રાણીઓ દૂર જાય છે.

૧૪) તુલસી :- તુલસીના છોડને કારણે મચ્છર વગેરે જંતુઓ આવતા નથી. સૂકા તુલસીના પાન અને કપૂરનો પાવડર એકસાથે છાંટવાથી કોડીઓ લાગી જાય છે.

૧૫) કંટકડીઃ- ઉંદરનો દર પાસે ફટકડીનો પાઉડર નજીકમાં રાખવામાં આવે તો ઉંદર ભાગી જાય છે.

૧૬) ચંદન :- કીડીઓના માર્ગમાં ચંદન રાખવાથી કીડીઓ પોતાનો રસ્તો બદલી લે છે.

# મધુ શ્રીવાસ્ત્વની મુશ્કેલીઓ વધી, આચાર સંહિતા ભંગની કાર્યવાહી થઈ શકે છે



વડોદરા,તા.૧૮

વાઘોડિયાના અપક્ષના ઉમેદવાર અને દબંગ ધારાસભ્યની છાપ ધરાવતા મધુ શ્રીવાસ્તવ આજે ફરીથી વિવાદમાં આવ્યા છે. મધુ શ્રીવાસ્તવે અપક્ષ તરીકે અને ભાજપના નામે ઉમેદવારી ફોર્મ ભર્યું છે. વાઘોડિયા બેઠક પરથી મધુ શ્રીવાસ્તવે ઉમેદવારી કરી પરંતુ મેન્ડેટ ન મળ્યું હતુ તે છતાં તેમણે ભાજપના ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું છે.

ત્યારે આજે ફોર્મ ચકાસણીમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. આ સાથે વાઘોડિયાના અપક્ષના ઉમેદવાર અને દબંગ ધારાસભ્યની છાપ ધરાવતા મધુ શ્રીવાસ્તવએ ભડકાઉ નિવેદન આપ્યું હતું. તેમણે ગઈકાલે ઉમેદવારી ફોર્મ ભરતા પહેલા મારા કાર્યકરનો કોઈ કોલર પકડશે તો ઘરમાં જઈ ગોળી મારી દઈશ તેવું નિવેદન આપ્યું હતું.

જેને કારણે, મધુ શ્રીવાસ્તવના ધમકીભર્યા નિવેદનને લઈને ચૂંટણી પંચ એક્શનમાં આવ્યું છે.

આ મામલે ચૂંટણી પંચે વાઘોડિયા ચૂંટણી અધિકારી પાસે અહેવાલ મંગાવ્યો છે. આદર્શ આચાર સંહિતાનો ભંગ થયો છે કે કેમ તેનો અહેવાલ આપવા આદેશ કરવામાં આવ્યો છે. આથી અહેવાલ બાદ મધુ શ્રીવાસ્તવ સામે આચાર સંહિતા ભંગ અંગેની કાર્યવાહી થઈ શકે છે.

નોંધનીય છે કે, મધુ શ્રીવાસ્તવે વિવાદાસ્પદ નિવેદન આપતા ચૂંટણી પંચ એકશન લઇ શકે છે. તેમણે ગઇકાલે કાર્યકર્તાઓ સામે જણાવ્યુ હતુ કે, મારા કાર્યકરનો કોઈ કોલર પકડશે તો ઘરમાં જઈ ગોળી મારી દઈશ. આ સાથે તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, હું જ્યારે મેદાનમાં નીકળ્યો હોય ને ત્યારે તમારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. કદાચ કોઈ તમને ધમકી આપશે. પણ તમે ડરતા નહીં. વાઘોડિયા અને વાઘોડિયા તાલુકામાં જે ગેરકાયદે મકાનો છે એને હું કાયદેસર કરી આપીશ, એ મારું વચન છે.

તેમના આ ભાષણને કારણે, વિરોધના સૂર ઉઠ્યા હતા. બીજી બાજુ, મધુ શ્રીવાસ્તવના ધમકીભર્યા નિવેદનને લઈને ચૂંટણી પંચ એક્શનમાં આવ્યું છે. આ મામલે ચૂંટણી પંચે વાઘોડિયા ચૂંટણી અધિકારી પાસે અહેવાલ મંગાવ્યો હતો.

આદર્શ આચાર સંહિતાનો ભંગ થયો છે કે કેમ, તેનો અહેવાલ આપવા આદેશ કરવામાં આવ્યો છે. આથી અહેવાલ બાદ મધુ શ્રીવાસ્તવ સામે આચાર સંહિતા ભંગ અંગેની કાર્યવાહી થઈ શકે છે.ચુંટણી પંચે વડોદરા કલેકટર પાસે જવાબ માંગ્યો છે.

જો કે મધુ શ્રીવાસ્તાવે જણાવ્યું હતું કે મેં કોઇ પાર્ટીનું નામ લીધું ન હતું અને જો મને નોટીસ આપવામાં આવશે તો હું તેનો જવાબ આપીશ

ગુજરાત મોડેલ બન્યું ભારતનું વિકાસનું મોડેલઃ આદિત્યનાથ

# ગુજરાતની કોર્ટનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર સમગ્ર દેશ માટે દાખલારૂપ છે, યોગીએ મોરબીના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી

**વડાપ્રધાન મોદી મળ્યા છે. તેમની નીતિઓ અને કાર્યો ભારતને વિશ્વમાં આગળ જ લઈ જઈ રહી હોવા ઉપરાંત સન્માન પણ અપાવી રહી છે**



વાંકાનેર,તા.૧૮

ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ને લઈને ભાજપે આક્રમક પ્રચાર કરી દીધો છે. તેણે તેના કેન્દ્રીય અને લોકપ્રિય નેતાઓની ફોજ મેદાનમાં ઉતારી છે.

ભાજપના ફાયરબ્રાન્ડ નેતા અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પણ ગુજરાતમાં પ્રચાર માટે આવ્યા છે. તે વાંકાનેર ખાતેના ભાજપના ઉમેદવાર જીતુ સોમાણી માટે પ્રચાર કરવા આવ્યા છે.

તેમણે સંબોધન દરમિયાન તેમની આગવી સ્ટાઈલમાં જણાવ્યું હતું કે સેવા,સુરક્ષા અને સુશાસન ભાજપ સરકારનો મુદ્દાલેખ છે. વડાપ્રધાન મોદીનું ગુજરાત મોડેલ સમગ્ર દેશનું મોડેલ બની ગયું છે. વડાપ્રધાન મોદીએ ગુજરાત મોડેલના સથવારે ગુજરાતનો વિકાસ કર્યો અને રાજ્યને નવી ઊંચાઈએ લઈ ગયા હવે તે જ મોડેલને બીજા રાજ્યો અનુસરી રહ્યા છે અને આ જ માર્ગે આગળ વધીને દેશને નવી ઊંચાઈએ લઈ જવા ગતિશીલ છે.

તેમણે ભાજપના ઉમેદવાર જીતુભાઈ સોમાણીને જીતાડવાની હાકલ કરતા જણાવ્યું હતું કે આ વિજય ફક્ત ફક્ત જીતુભાઈ સોમાણીનો જ વિજય નથી, સેવાના સંકલ્પ અને સુશાસનનો વિજય છે. ઉલ્લેખનીય છે કે ગઈ ચૂંટણીમાં જીતુ સોમાણીનો કોંગ્રેસના પીરઝાદા મુહમ્મદ જાવિદ સામે ૧,૩૬૧ મતે પરાજય થયો હતો.

તેમણે તેની સાથે મોરબી દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે કહ્યું હતું કે મોરબી જબરજસ્ત કાઠિયાવાડી ખમીર ધરાવે છે. આ પહેલા પણ આવેલી મચ્છુ ડેમ દુર્ઘટનામાંથી બેઠા થઈને આ શહેરે એક ઇન્ડસ્ટ્રીયલ સિટી તરીકે તેની આગવી ઓળખ વિકસાવી છે. મોરબીના સિરામિક ઉદ્યોગની આજે વિશ્વભરમાં નામના છે.

વડાપ્રધાન મોદીએ પહેલા ગુજરાતને વીજળી, પાણી, ખરાબ રસ્તા અને સરકારની ઢીલી નીતિમાંથી મુક્ત કરવાનું બીડું ઉઠાવ્યું હતું હવે તે જ જવાબદારી તે રાષ્ટ્રીય સ્તરે નીભાવી રહ્યા છે. આજે સમગ્ર વિશ્વ કહે છે કે ભારત ખુશનસીબ છે કે તેને વડાપ્રધાન મોદી મળ્યા છે.

તેમની નીતિઓ અને કાર્યો ભારતને વિશ્વમાં આગળ જ લઈ જઈ રહી હોવા ઉપરાંત સન્માન પણ અપાવી રહી છે. દરેક દેશોમાં ભારતીયોને સન્માનથી જોવામાં આવે છે. યુક્રેન-રશિયા યુદ્ધ જેવી સ્થિતિમાં પણ બંને દેશોએ ભારતીયોને સન્માન આપીને વિદાય આપી હતી.

ગુજરાતે અમુલથી શરૂ કરેલા સહકારી મોડેલના લીધે ખેડૂત ખેતીની સાથે પશુપાલન કરી આત્મનિર્ભર બન્યો છે. હવે તેમણે રાજ્યમાં પોતાની જવાબદારીની આ જ ધુરા વર્તમાન મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલને સોંપી છે. સેવા, સુરક્ષા અને સુશાસનના સંકલ્પના લીધે ભાજપને વિશ્વાસ છે કે આ વખતે પણ પ્રજા તેમને જનાદેશના સ્વરૂપમાં સેવા કરવાના આશીર્વાદ આપશે.

# ઓવૈસી અને કેજરીવાલ બન્ને ભાઈઓ, ભાજપે બન્નેને દત્તક લીધા છે : કોંગ્રેસના સાંસદ

સુરત,તા.૧૮

ચૂંટણી નજીક આવતા દરેક પાર્ટીઓ પોતપોતાની રીતે પ્રચારમાં લાગી ગઈ છે. દરેક પાર્ટી આક્ષેપ પ્રતિ આક્ષેપો કરી રહી છે. ચૂંટણી પ્રચાર માટે કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ પ્રમોદ તીવારી સુરત આવ્યા છે જેમણે એક પત્રકાર પરિષદ યોજી ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. અને આજે ગુજરાતને વેચી દેવામાં આવ્યું છે તેઓ આક્ષેપ પણ કર્યો હતો.

ગુજરાત વિધાનસભાનું મતદાનનો દિવસ જેમ જેમ નજીક આવી રહ્યો છે તેમ તેમ દરેક પાર્ટી પોતાના રીતે પ્રચાર પ્રસાર કરી રહી છે આ વખતે ગુજરાતમાં ત્રીપાંખીઓ જંગ જોવા મળશે તેના કારણે ભાજપ કોંગ્રેસ અને આપ એકબીજા પર આરોપો લગાવવાનું શરૂ કર્યું છે.

ચૂંટણીના પ્રચાર માટે સુરત આવેલા કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ આજે એક પત્રકાર પરિષદ યોજી હતી જેમાં તેમણે ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા તેમણે કહ્યું હતું કે આજે આપણે એવા મુકામ પર પહોંચી ગયા છે જ્યાં વેચવા માટે પણ કઈ બચ્યું નથી. નોટબંધી બાદ આપણે ઉભા થઈ શક્યા નથી, ભૂકંપ આવવાના કારણે જે ઝટકા લાગે છે. તે ઝટકા તે લાગી રહ્યા છે. દેશની અર્થવ્યવસ્થાની હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. ભાજપાએ દેશને બરબાદ કરી નાખ્યું છે. ઓવૈસી અને કેજરીવાલને ગુજરાત લાવવામાં આવ્યા છે આ બંને જુડવા ભાઈઓ છે. બન્નેને ભાજપે એડોપ્ટ કર્યા છે વધુમાં તેમને જણાવ્યું કે જો કોંગ્રેસની સરકાર આવશે તો મહિલાઓ માટે માત્ર ૫૦૦ રૂપિયામાં સિલિન્ડર આપવામાં આવશે. પુરી પેન્શન પાછું આપવામાં આવશે. રાજસ્થાન અને છતીસગઢમાં અમારી સરકાર છે,જ્યાં જૂની પેન્શન યોજના લાગુ કરી છે.

ગુજરાતમાં અમારી સરકાર બનશે તો જૂની પેન્શન યોજના લાગુ કરીશું. દસ લાખ ભરતી કરીશું. આ ચૂંટણીમાં જેને મતદાતા સમજશે અને જાકારો આપશે.સાથે જ તેમણે કહ્યું કે હિન્દુ ધર્મમાં સૂર્યાસ્ત બાદ અંતિમ સંસ્કાર નહોતા કરતા પરંતુ ભાજપમાં શાસનમાં આ પરંપરા બદલાઈ છે.

# વડોદરામાં ભાજપના નેતા દિનેશ પટેલે રાજીનામું આપ્યું

વડોદરા,તા.૧૮

ટિકિટ ન મળતા પાદરાના નારાજ દિનેશ પટેલે અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી, તેના બાદ આજે તેમણે ભાજપમાંથી રાજીનામુ આપ્યું છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલના નિવેદન બાદ ગુસ્સાયેલા દિનેશ પટેલે ભાજપમાંથી રાજીનામું આપ્યું છે. ત્યારે દિનેશ પટેલ (દિનુમામા) ના રાજીનામાને લઈ રાજકારણ ગરમાયુ છે.

દિનેશ પટેલના રાજીનામા બાદ પાદરા વિધાનસભા બેઠક પર વધુ એક ભંગાણ થયું છે. ભાજપ શાસિત તાલુકા પંચાયતના ભાજપના સભ્યોએ પક્ષને રાજીનામા આપ્યા. દિનેશ પટેલના ભાજપમાંથી રાજીનામાં બાદ તાલુકા પંચાયત તૂટી છે. તાલુકા પંચાયતના ૧૬ સભ્યોએ આપ્યા ભાજપમાંથી રાજીનામા આપ્યા છે. તમામ લોકોએ દિનેશ પટેલને સમર્થન કરીને રાજીનામું આપ્યું છે.

વડોદરા જિલ્લામાં ડેમેજ કંટ્રોલ કરવામાં ભાજપ મોવડીમંડળ નિષ્ફળ નીવડ્યુ હતું. એકસાથે બે દિગ્ગજ નેતાઓની ટિકિટ કપાતા વડોદરાનું રાજકારણ ગરમાયુ હતું. જેથી સીઆર પાટીલ વડોદરા દોડી આવ્યા હતા.

તેઓએ નારાજ મધુ શ્રીવાસ્તવને વડોદરા એરપોર્ટ બોલાવ્યાં હતા. વડોદરા એરપોર્ટ પર મધુ શ્રીવાસ્તવ અને સીઆર પાટીલ વચ્ચે બેઠક થઈ હતી. સવા કલાક સુધી ચાલેલી બેઠક બાદ પણ મધુ શ્રીવાસ્તવ માન્યા ન હતા. ભાજપનાં નારાજ ત્રણ નેતાઓ પૈકી માત્ર સતીશ નિશાળિયા માન્યા હતા.પરંતુ મધુ શ્રીવાસ્તવ અને દિનુમામાને મનાવવામાં ભાજપના નેતાઓ નિષ્ફળ ગયા હતા. જેના બાદ મધુ શ્રીવાસ્તવ અને દિનેશ પટેલ બંનેએ અપક્ષ તરીકે ફોર્મ ભર્યુ હતું. સીઆર પાટીલનાં પ્રયાસ છતાં મધુ અને મામા માન્યા ન હતા.

પાદરા બેઠક પર દિનેશ પટેલ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. દિનેશ પટેલે શક્તિ પ્રદર્શન કરીને ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. દિનેશ પટેલે હજારોની ભીડ ભેગી કરી હતી. દિનેશ પટેલ ઘોડે સવાર થઈ નીકળ્યા હતી. શક્તિ પ્રદર્શન રેલીમાં પાલિકા-તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના સભ્યો પણ હાજર રહ્યા હતા.

# ૬ નેતાઓએ ટિકિટ ન મળતા ભાજપના ૬ નેતાઓએ બળવો કર્યો,અપક્ષ તરીકે ફોર્મ ભર્યું



અમદાવાદ,તા.૧૮

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ટિકિટ ન મળતા ભાજપમાં બળવો શરુ થઈ ગયો છે. આવતા મહિને યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ટિકિટ ન મળવાના કારણે ભાજપના એક વર્તમાન ધારાસભ્ય અને ચાર પૂર્વ ધારાસભ્યો સહિત પક્ષના છ નેતાઓએ અપક્ષ તરીકે ફોર્મ ભર્યું છે. પહેલા તબક્કામાં ૮૯ સીટો પર યોજાનારી ચૂંટણી માટે ગુરુવારે ફોર્મ પાછુ લેવાનો છેલ્લો દિવસ હતો. બળવાખોરોએ આ સીટો પર પાર્ટી માટે મુશ્કેલી ઉભી કરી દીધી છે.

ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય અને પક્ષના આદિવાસી ચહેરા હર્ષદ વસાવાએ એક અઠવાડિયા પહેલા નર્મદા જિલ્લાના નાંદોદમાંથી અપક્ષ તરીકે ઉમેદવારી પત્ર ભર્યું હતુ અને તે પાછુ ખેંચ્યુ ન હતુ. જૂનાગઢ જિલ્લામાં ભાજપના પૂર્વ ધારાસભ્ય અરવિંદ લાડાણીએ પણ ઉમેદવારી પાછી ખેંચી ન હતી. ભાજપે તેમના બદલે કેશોદમાં વર્તમાન ધારાસભ્ય દેવાભાઈ માલમને ટિકિટ આપ્યા બાદ તેઓ નારાજ થયા હતા. ગુરુવારે ભાજપના એક વર્તમાન ધારાસભ્ય અને બે ભૂતપૂર્વ ધારાસભ્યોએ પણ બીજા તબક્કાની ૫ ડિસેમ્બરે યોજાનારી ચૂંટણી માટે અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી.

ભાજપે વાઘોડિયાથી છ વખત ધારાસભ્ય રહી ચૂકેલા મધુ શ્રીવાસ્તવને આ વખતે ટિકિટ ન આપ્યા બાદ તેમણે અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. ભાજપે આ બેઠક પરથી અશ્વિન પટેલને ઉમેદવાર બનાવ્યા છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય દિનેશ પટેલ કે જે 'દીનુ મામા' તરીકે પણ ઓળખાય છે, તેમણે વડોદરા જિલ્લાની પાદરા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી. હાલમાં કોંગ્રેસ હસ્તક આ બેઠક પરથી ભાજપે ચૈતન્યસિંહ ઝાલાને ટિકિટ આપી છે. બાયડ બેઠકના કોંગ્રેસના ભૂતપૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, જેઓ ભાજપમાં જોડાયા હતા પરંતુ ૨૦૨૦માં પેટાચૂંટણીમાં કોંગ્રેસના જશુ પટેલ સામે હારી ગયા હતા તેમણે ભાજપે ટિકિટ ન આપતા હવે અપક્ષ તરીકે ફોર્મ ભર્યું છે. બનાસકાંઠા જિલ્લાની ધાનેરા બેઠક પર ભાજપના નેતા માવજી દેસાઈએ ગુરુવારે પક્ષ દ્વારા ટિકિટ ન અપાતા અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. ૨૦૧૭માં તેઓ કોંગ્રેસના નાથાભાઈ પટેલ સામે હારી ગયા હતા. અગાઉ હિમાચલ પ્રદેશની વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપને બળવાખોરોનો સામનો કરવો પડ્યો હતો. ટિકિટની વહેંચણી બાદ પાર્ટીના ઘણા નેતાઓએ બળવો કર્યો હતો, જે બાદ પાર્ટીએ બળવાખોર નેતાઓને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો અને ઘણા નેતાઓને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

# પ્રથમ તબક્કામાં ફોર્મ પાછા ખેંચાયા બાદ કુલ ૭૮૮ ઉમેદવારો નોંધાયા,સુરતની ૧૬ બેઠકો માટે ૨૫૬ ઉમેદવારી

ગાંધીનગર,તા.૧૮

રાજ્યમાં ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઈ ગયું છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન આગળ વધી રહ્યું છે અને દરેક ઉમેદવાર એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપ, કોંગ્રેસ અને આપે ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરવાની કામગીરી પૂર્ણ થઈ છે. પ્રથમ તબક્કામાં ફોર્મ પાછા ખેંચાયા બાદ કુલ ૭૮૮ ઉમેદવારો નોંધાયા છે. બીજા તબક્કામાં ૧૫૧૫ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. બીજા તબક્કામાં ફોર્મ પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૧ નવેમ્બર છે.

પ્રથમ તબક્કાની વાત કરીએ તો વિધાનસભાની ચૂંટણીને લઈ પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો માટે ૧ હજાર ૩૬૨ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. સૌથી વધુ ઉમેદવારી ફોર્મ સુરત જિલ્લામાં ભરાયા છે. સુરતની ૧૬ બેઠકો માટે ૨૫૬ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. જ્યારે રાજકોટ, જામનગર અને ભાવનગરમાં ૧૧૦થી વધુ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. જ્યારે ડાંગની ૧ બેઠક પર સૌથી ઓછા ૧૧ ફોર્મ ભરાયા છે. પ્રથમ તબક્કામાં ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી, ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રિવાબા જાડેજા સહિત અનેક નેતાઓએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા.ગુજરાતમાં ભાજપના પ્રચાર માટે વડાપ્રધાન મોદીએ પુરતો સમય આપવાનો નિર્ણય લીધો છે. વડાપ્રધાન ગુજરાતમાં ૨૫ રેલી કરીને પ્રચાર કરવાના છે, તેમની રેલીઓ માટેના આયોજન થઈ ગયા છે. કાર્યક્રમ માટેની તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાતમાં પ્રચારની કમાન સંભાળશે. તેઓ ફરી એકવાર ૧૯મી નવેમ્બરથી ગુજરાતના પ્રવાસે આવવાના છે અને ધૂંઆધાર પ્રચાર કરવાના છે. પીએમ મોદી દક્ષિણ ગુજરાતમાં વલસાડ અને વાપીમાં સભાને સંબોધશે.

# સોશિયલ મીડિયામાં પબ્લિસિટી સ્ટંટ કરતા આઈએએસ અધિકારીને ચૂંટણી પંચે ફરજમુક્ત કર્યા

અમદાવાદ,તા.૧૮

ગુજરાત આજથી મોટાપાયે ચૂંટણીનો પ્રચાર-પ્રસાર જોરશોરમાં ચાલુ થઈ ગયો છે. પોલિટિકલ પાર્ટીઓ, ઉમેદવારો ઈલેક્શન કેમ્પેઈનમાં તો ચૂંટણી પંચ પણ મતદાન જાગૃતિ કરી રહ્યું છે પરંતુ ચૂંટણી સબંધિત એક અધિકારીને તેને મળેલ જવાબદારીનું સોશિયલ મીડિયામાં શો-ઓફ કરવા બદલ ફરજમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા છે.

રિપોર્ટ અનુસાર ગુજરાત ચૂંટણી માટે ઈલેક્શન કમિશને બાપુનગર અને અસારવા વિધાનસભા માટે નિમેલા ઈલેક્શન ઓબ્જર્વરને ફરજમાંથી મુક્ત કર્યા છે. ચૂંટણી પંચના આદેશમાં કહેવામાં આવ્યું છે કે, IAS અભિષેક સિંહે ઈન્સ્ટાગ્રામ પર 'પોતાના પોસ્ટિંગના ફોટા' શેર કર્યા હતા અને પોતાની આધિકારીક સ્થિતિનો ઉપયોગ 'પબ્લિસિટી સ્ટંટ' તરીકે કર્યો છે.

ઉત્તર પ્રદેશ કેડરના આઈએએસ અધિકારી અભિષેક સિંહને અમદાવાદમાં બે વિધાનસભા મતવિસ્તારો - બાપુનગર અને અસારવા માટે જનરલ ઓબ્જર્વર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, તેમણે અધિકારીની ઈન્સ્ટા પોસ્ટને ખૂબ જ ગંભીરતાથી લીધી છે અને તેથી જ તેમને જનરલ ઓબ્જર્વરની ફરજમાંથી આગામી આદેશો સુધી ચૂંટણી સંબંધિત કોઈપણ ફરજમાંથી છુટ્ટા કરવામાં આવે છે.આ સિવાય અધિકારીને આજે જ તાત્કાલિક મતવિસ્તાર છોડવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. નિરીક્ષક ફરજો માટે તેમને આપવામાં આવતી તમામ સરકારી સુવિધાઓનો લાભ પણ હવે નહી મળે. મહત્વનું છે કે સિંહની જગ્યાએ અન્ય એઆઈએસ અધિકારી ક્રિષ્ન બાજપાઈની આ પદ માટે નિમણૂક કરવામાં આવી છે.

# ભાજપમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનારા ભાજપના નેતાઓને સી.આર. પાટીલે કડક સંદેશ આપ્યો

ગાંધીનગર,તા.૧૮

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ટિકિટ ન મળતા ભાજપના અનેક નેતાઓએ બળવો કરી અપક્ષ ઉમેદવારી કરી છે. ત્યારે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ આ બાગી નેતાઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પાર્ટીમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનારા નેતાઓ ઉમેદવારીપત્ર પરત નહીં ખેંચે તો તેમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવશે. પાર્ટીતેમની સામે દંડાત્મક પગલા લેશે. સી.આર. પાટીલે જણાવ્યુ છે કે શિસ્તમાં નહીં રહે તો તેમની સામે કાર્યવાહી થશે. તેમણે જણાવ્યુ હતુ કે પાર્ટીની ગાઈડલાઈન છે કે ઉમેદવારી પત્ર પરત ખેંચવાની છેલ્લી તારીખ સુધી જો તેઓ ફોર્મ પરત નથી લેતા તો એ જ દિવસે સાંજે તેમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી નાખવામાં આવે છે.ઉલ્લેખનીય છે કે વડોદરાના ઝઘડિયાથી ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને ચૂંટણીમાં ભાજપમાંથી ટિકિટ ન મળતા તેમણે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. આ તરફ વડોદરાની પાદરા વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય દિનેશ પટેલે પણ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે ધાનેરા વિધાનસભા બેઠકના ભાજપના પૂર્વ ધારાસભ્ય માવજી દેસાઈએ પણ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. ભાજપમાંથી બાગી બનેલા આ નેતાઓને આકરતી રીતે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે જણાવી દીધુ છે કે પાર્ટી તેમની સામે પગલા લેશે. આપને જણાવી દઈએ કે પાદરાના પૂર્વ ધારાસભ્ય દિનેશ પટેલ ગત ટર્મમાં કોંગ્રેસના ધારાસભ્ય સામે હારી ગયા હતા. જ્યારે ધાનેરાના પૂર્વ ધારાસભ્ય માવજી પટેલ પણ ગત ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર સામે હારી ગયા હતા.



ગાંધીનગરના ચ-૬ સર્કલ પાસે આજે સવારે સ્કૂલ વાનને અકસ્માત થયાના સમાચાર મળતા જ ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપના ઉમેદવાર શ્રીમતી રીટાબેન પટેલે પ્રચાર કાર્યક્રમ અધૂરો મૂકીને તરત જ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચીને વિદ્યાર્થીઓના ખબર અંતર પૂછ્યા હતા. આ ઉપરાંત મેયરશ્રી હિતેશભાઈ મકવાણા અને શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટે પણ ઘટનાની જાણ થતાં જ સિવિલ હોસ્પિટલ ગાંધીનગર પહોંચીને વિદ્યાર્થીઓના ખબર અંતર પૂછી તેમના વાલીઓ સાથે વાત કરી અને વહીવટી તંત્રને જરૂરી સૂચના આપી હતી.



માણસા ભારતીય જનતા પાર્ટીમાં આજોલના અગ્રણી બિલ્ડર એવા જે.એસ પટેલને ટિકિટ મળતા ૨૫ વર્ષથી સરપંચ રહેલા અને કોંગ્રેસના કર્મઠ અગ્રણી એવા પ્રહલાદભાઈ પટેલે કોંગ્રેસમાં રાજીનામું આપીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાણ કર્યુ છે અને વતનના વતની એવા માણસાના ઉમેદવાર જે એસ પટેલને તેમનો સંપૂર્ણ ટેકો જાહેર કર્યો છે.

ગુજગુજરાતમાં ધીમા પગલે ઠંડીનું આગમન

# સવારમાં ફુલગુલાબી ઠંડી પડવાની શરૂઆત લાગી છે. ત્યારે હવે આગામી દિવસોમાં ભારે ઠંડી પડશે



અમદાવાદ,તા.૧૯

ઉત્તર ભારતમાં સતત હિમવર્ષાના કારણે ગુજરાતમાં ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. અમદાવાદ, વડોદરા, ગાંધીનગર સહિત અનેક શહેરોના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. હવામાન નિષ્ણાતોના મતે આ વખતે ઠંડી વધુ પડવાની શક્યતા છે. ઓક્ટોબરમાં શિયાળાની શરૂઆત થઈ ગઈ હતી પરંતુ વારંવાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે તાપમાનમાં એટલો ઘટાડો થયો ન હતો.

ગુજરાતમાં હાલ ધીમા પગલે ઠંડીનું આગમન થઇ ગયું છે. અને સવાર સવારમાં ફુલગુલાબી ઠંડી પડવાની શરૂઆત લાગી છે. ત્યારે હવે હવામાન વિભાગ દ્વારા ઠંડીને લઈને મહત્વની આગાહી કરવામાં આવી છે.

જેમાં હવામાન વિભાગે જણાવ્યું છે કે ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાતા રાજ્યમાં ઠંડીનું જોર વધશે. તેમજ આગામી પાંચ દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે અને આગામી દિવસમાં એક ડિગ્રી તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના છે. જેના કારણે રાજ્યમાં ઠંડીનો ચમકારો રહેશે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર-પૂર્વના પવનો કારણે ગુજરાતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. અને રાજ્યના અનેક જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો પણ નોંધાયો છે. અમદાવાદ સહિતના અનેક શહેરોના તાપમાનમાં હાલ ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે રાજ્યમાં ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાવાના કારણે આગામી પાંચ દિવસ લઘુત્તમ અને મહત્તમ તાપમાન યથાવત રહેશે.

નવેમ્બરની શરૂઆતમાં પણ ક્યારેક ગરમી અને ક્યારેક ઠંડી લાગતી હતી.

પરંતુ હવે એવું નહીં થાય. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આ વખતે રેકોર્ડ બ્રેક ઠંડી પડશે. ગુજરાતમાં ૧૮ થી ૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.